૮૬—(હું અહુરમજદે તેણીને એ પ્રમાણે કહ્યું) ત્યારે ઓ જરથોશ્ત્ર ! અર્દ્વી સૂર અનાહિતા આ સેતારાઓ (આકાશ) ઉપરથી અહુરએ પેદા કીધેલી જમીન તરફ ચાલી."

૮૭.—ત્યારે અર્દ્વી સૂર અનાહિતા બોલી કે 'ઓ રાસ્ત અને પવિત્રાઇવાલા સ્પિતમ ! તુંને અહુરમજદે, તન ધરાવનારી જગતનો 'રતુ' (દીનના સરદાર) તરીકે પેદા કર્યો છે, અને મને, અહુરમજદે, તમામ અશોઇવાલી પેદાએશની રક્ષણ કરનારી તરીકે પેદા કરી છે; મારાં તેજ અને પ્રતાપથી પશુઓ અને ઘોરો (ભારબરદારી જાનવરો) અને બે પગાં માંનસો આ પૃથ્વી ઉપર (પોતાની) જીંદગી ગુજારે છે, હું જાહેર રીતે મજદએ પેદા કીધેલી, તમામ અશોઇની ખુબીઆદ ધરાવનારી વસ્તુઓનું (યાને જીવજંતુઓનું) રક્ષણ

૮૮. પર્દંતિ દ્દિમ પેરેસત્ જરથુસ્ત્રો અર્દ્વીમ્ સૂરાંમ્ અનાહિતાંમ્, "અર્દ્વિ સૂર અનહિતે! કન થ્વાંમ્ યસ્ન યજાને, કન યસ્ન ફ્રાયજાને, યસ્ તવ મઝ્દાઓ કેરેંનઓત્ તચરેં, નોઇત્ તચરેં અન્તરેં અરેથેંમ્, ઉપઇરિ હ્વરેક્ષએનેંમ્, યસે-થ્વા, નોઇત્ અઇતિ દ્રુજાઓ-ન્ત અજિરશ્ચ, અંરેથનાઇશ્ચ, વ્રુજકાઇશ્ચ, વરેન્યાઇશ્ચ, વરેન્વીયાઇશ્ચ."

૮૯. આઅત્ અઓઅ્ત અર્દ્વી સૂર અનાહિત, "અરેજ્નો અષાઉમ્ સ્પિતમ! અન માંમ્ યસ્ન યઝએશ, અન યસ્ન ફ્રાયઝએશ, હચ હોવક્ષાત્ આ હ્રૂ-ફ્રશ્મો-દાતોઇ'ત્; આ તૂ, મે અએતયાઓ જઓથ્રયાઓ ફ્રબ્રૂઇરોઇશ, આથ્રવનો પસ્તો-વચ-હ્રુદ્રો પઇતિ-પસ્તો સ્રવ્રૂહ્રો માંઝ્દ્રો હ્વ્હરૂનરો તનુ માંથ્રો.

કરૂં છું, તે એ મીસાલે કે જેમ પશુને, પશુવસ્ત્ર (યાને તેનાં બદન ઉપરનાં ઉણ અથવા રૂવાં) રક્ષણ કરે છે તેમ."

૮૮.--તે નિર્મલ અર્દ્વી સૂરને જરથોસ્તે પુછ્યું કે—"ઓ અર્દ્વિ સુર અનાહિતા! કેઇ આરાધનાથી તુંને હું આરાધું તથા કેઇ આરાધનાથી તુંને વધારે વખાણું? કેમકે મજ્દએ તારૂં વેહવું કીધુંચ તે સૃષ્ટિના આ મધ્યમ ભાગમાંથી નહીં પણ ખુરશેદ તરફ કર્યું છે (યાને તાહારી ઉત્પત્તિ આ પૃથ્વી ઉપરથી નહીં પણ આકાશની પવિત્ર જગો ઉપરથી કરી છે); કે જેથી તુંને સાંપની ખસલતનાં (યાને બુરાં અથવા આબાદીનો નાશ કરનારાં) માનસો, બદનમાં જહરપીને નિકલતા નજીસ મવાદથી, મોહોડામાંથી ગલતાં પાણીથી, તથા ધાત અને હગારની નજીસાતથી ખરાબ કરી શકતા નથી."

૮૯.—ત્યારે અર્દ્વી સુર અનાહિતાએ જવાબ આપ્યો કે "ઓ સાચા અને અશોઇવાલા સ્પિતમ! એહવી રીતે આરાધનાથી મને તું આરાધ અને એહવી રીતે આરાધનાથી તું મને વધારે વખાણ; કે સુરજનાં ઉગવાથી તે સુરજના અસ્ત પામવા સુધીનાં વખતમાં;—અને તે મારા જોર (ક્રિયા

૯૦. મા મે અએતયાઉ જઓઇથ્યાઉ ફ્રઙ્ઉ-હરેન્તુ, હરેંતો, મ તફ્નો, મ-દ્રુસ્તો. મ-સ્નઇથ્ય,, મ-કસ્વીશ્, મ-સ્રાો, મ-દત્મો અસગવયત્-ગાથો મઓ-પઓસો, યો વીતરેંતોન્તનુશ્.

૯૧. નોઈત્ અવાઉ જઓઇથ્યાઉ, પઇતિ-વાસે, યાઉ માચોય, ફ્રઙ્ઉહરેંન્તિ અન્દાઉસ્ચ, કરેનાઉ-સ્ચ, દ્વાઉસ્ચ, મૃશાઉસ્ચ, અશાઉસ્ચ, રઙ્દાઉ-સ્ચ, અત દક્ત દક્તવન્ત, યા નોઇત પેઉરૂ-જિર ફ્રૂરદક્ત વીસ્પનાંમ્ અનુ માંથ્રેંમ્; મા મે અએતયાઉસ્ચિત્ જઓઇથ્યાઉ ફ્રઙ્ઉહરેંન્તુ ફ્ર-કવો, મા અપ-કવો, મા દ્વાઉ વીમિતો દન્તાનો."

કીધેલી વસ્તુની ચાશની) દીનના એલમ શીખેલા, દીનના ફરમાનોની પુછપરછ કરેલા, માંથ્ર (યાને ભેદી સુખનોને) સહમજનાર, નેક ગુણો ધરાવનાર અને પોતાને માંથ્રમાં જણાવેલા કાનુનો પ્રમાણે ચલાવનાર એહવા તું અથોરનાંનેજ ખાવી.—

૯૦.—મારી આ ક્રિયામાંની ચાશની દુશમને (અથવા જેને ભલા લોકોએ તજી દીધા હોએ એહવા શખ્સે), ગુસ્સાવાલાએ, જુહાએ (અથવા ઠગારાઓ,) ચુગલખોરે, નીચ માનસે, સ્ત્રીએ, ગાથા નહી પઢનાર દહગએ (યાને ખુબ વગરના બેદીને), બદન ઉપર ડાઘ પડેલા એહવા કોઢિયાએ—નહી ખાવી.

૯૧.—જે મારાં જોરો (ક્રીયા મધેની ચાશની)-ને ચાંવરા, બેહરા, બુરા, ઘાતકી દુસ્મની રાખનાર, કાયદાથી ઉલટી રીતે ભેટ આપનાર અને પુરતા ડાહપણથી નહી દેખાડેલી, તથા તમાંમ માંથ્ર મધેના કાહ્યી માથ્રને નહી અનુસરતી એવી બુરી ખસલત ધરાવનાર શખ્સ ખાશે તો તે હું કબુલ નહી રાખશ, તથા એ મારી ક્રિયાની ચાશની મોહડાંપર ગીબત કરનાર, પીઠે ગીબત કરનાર અને અમિન દાંતવાલા બુરાએ નહી ખાવી.'

૯૨. પઇતિ દિમ્ પેરેસત્ જરથુશ્ત્રો અર્દ્વીમ્ સૂરાંમ્ અનાહિતાંમ્, "અર્દ્વી સૂર અનાહિતે કેમ્ થ્વ તે જઓથ્રાઓ બવન્તિ, યસ્-તવ ફ્રબરેન્તિ દ્રવન્તો દએવયસ્નાઓન્હો, પસ્ચ હૂ-ફ્રાશ્મો દાઇતીમ્."

૯૩. આઅત્ અઓખ્ત અર્દ્વી સૂર અનાહિત, "એરેંજ્વો અષાઉમ્ સ્પિતમ્ જરથુશ્ત્ર! નિવઇક નિઘ્રેનક, અપરઝરક, અપખ્રઓસક, ઇમાઓ, ઇમાઓ પઇતિ વીસેંન્તે, યાઓ માવોય, પસ્ચ વજેન્તિ ખ્શ્વશ્-સતાઇશ હજંગ્રેમચ, યા નોઇત્ હઇતિ વીસેંન્તિ દએવનાંમ્ હઇતિ યસ્ન."

૯૪ યજાઇ હુકઇરીમ્ બરેંજો વીસ્પો-વહ્મેંમ્ જરનયોનેંમ્ યહ્માત્ મે હચ ફ્રજ્ગઅઇતે અર્દ્વી સૂર અનાહિત હજંગ્રાઇ બરેસ્ન વીરનાંમ્, મસો ક્ષ્ગેતે

૯૨.—જરથુસ્તે નીર્મલ અર્દ્વિ સુરને ફરીથી પુછયું કે—"ઓ અર્દ્વિ સુર અનાહિતા! આ દુન્યામાં તારી જે ક્રિયાઓ ખુરા દેવ-યસ્નાનો સુરજનાં અસ્ત પામવા પછી કરેચ તે કોણને પોહોચેચ (એટલે કે તે જોરોને કોણુ સ્વીકારેચ).

૯૩.—ત્યારે અર્દ્વી સુર અનાહિતાએ જવાબ આપ્યો કે—"ઓ સાચ્ચા અને સ્પીતમાનને લગતા અશો જરથોસ્ત! **નિવયક, નિપસ્નક, અપસ્કરક** અને **અપપ્રઓસક**—એ (બદ રૂહો), મારે લગતી દેવયસ્નોએ રાતને વખતે કીધેલી ક્રિયાને સ્વીકારે છે; અને તે બદરૂહો છશોઘણા હજાર જે દેવોની આરાધનાને હું સ્વીકારતી નથી તેની પુંઠ જાએ છે (યાને તે સ્વીકારવાને તે ક્રિયા કરનારની આશપાશ ભેગાં થાએ છે)."

૯૪.—તમામ ખુબી ધરાવનારા અને લીલોત્રીવાલા (જાહાડ પાનથી ભરપુર) **હુકર** પાહડને તું વખાણ કે જેમાંથી મારી અર્દ્વી સુર અનાહિતા માનસોમાંના હજાર માનસોનાં માથાની ઊંચાઇથી વેહે છે; અને સઘલી આ નદીઓ કે જે આ જમીન ઉપર વેહે છે તે સઘલીઓનાં જેટલું પ્રતાપનુ મહત્વ તે એખલી ભેગવે

ખ્શ્રેંનરહે યથ વીસ્પાઓ ઈમાઓ આપો યાઓ જેંમા પઇતિફ્રતચનિન્તિ યા અમવઈતિ ફ્રતચઇતિ.—અહે રય ખરેનઙ્હચ (૯ માં ફકરા પ્રમાણે).

[૨૨] ૯૫ યજ્અેશ મે હીમ્ (જાવત) ૬ હુ-ફ્રાચનાંમ્ અપઓનીમ્.

૯૬ યિમ્ અઇવિતો મજ્દયસ્ન ઙ્ઘિસ્તેન્તિ બરેસ્મો-જસ્ત; તાંમ્ યજેંન્ત હ્વોવાઓ્હો, તાંમ્ યજેંન્ત નઓતઇર્યાઓ્હો; દરતીમ્ જઇધ્યન્તિ હ્વોવો, આસુ-અસ્પીમ્ નઓતઇરે; મોષુ પસ્ચએત હ્વોવો દરતીમ્ બઓન્ સેવિશ્ત, મોષુ પસ્ચએત નઓતઇરે વીસ્તાસ્પો આઓ્હાંમ્ દખ્યુનાંમ્ આસુ-અસ્પોતેમો બવત્.—અહે રય ખરેનઙ્હચ (૯ માં ફકરા પ્રમાણે).

[૨૩] ૯૭. યજ્અેશ મે હીમ્ (જાવત) દહુ- રાધનાંમ્ અપઓનીમ્.

છે અને તે ઘણુીજ જોરશથી વેહ છે.—તેનાં પ્રતાપ અને તેજ ઇત્યાદી.

[૨૨] ૯૫. (પેહલા ૬૦ પ્રમાણે).

૯૬.—જે અર્દ્વી સુરની સાંગે મજ્દયસ્નાનો હાથમાં બરસમ પકડીને (તેની વખાન ગાતાને) ઉભા રેહ છે; (જેમકે) તેણીને હઍુબનાં ખાનદાનવાલાએ તથા નોજ્રીઆંન ખાનદાનવાલાઓએ વખાની (યાને અર્દ્વિ સુરનાં ગુણોની વખાન કરી); હવોવનાં ખાન્દાનવાલાઓએ ઇબ્ટી (દોલત) ચાહી અને નોજ્રીઆનોએ ઘોડાને લગતી જહડફ ચાહી;-તે માગવા પછી જલદીથી હવોવના ખાનદાનવાલાઓ દોલતવાલા થયા, અને નોજ્રીઆનોએ પોતે ચાહેલો ફાયદો મેલવ્યો; અને તેઓમાં ગુસ્તાસ્પ આ દેશોમાંનો સઉથી સરસ ઘોડાને લગતી જહડપવાલો થયો (યાને ઘણો સરસ લડાયક થયો). તેણીના તેજ પ્રતાપ ઇત્યાદી.

[૨૩] ૯૭.—(પેહલા ૬૦ પ્રમાણે)

૯૮. યેઙ્હે હજંઙ્રેંમ્ વઈર્યનાંમ્, હજંઙ્રેંમ્ આપદ્જાારનાંમ્, કરાચિત્ય અઐષાંમ્ વઈર્યનાંમ્, ટસચિત્ય અઐષાંમ્ આપદ્જાારનાંમ્, યથ વરેસતેંમ્ આયરે-બરનાંમ્ હુવસ્પાઇ નઇરે બરેંમનાઇ, કઙ્હે કઙ્હે આપદ્જાાઈરે, નમાનેંમ્ હિસ્તઇતે, હુંધ્યાતેંમ્, સતોરઓાયનેંમ્, બામીમ્ હજંઙ્રો-રતૂનેંમ્. હુકેં-રેંતેંમ્ બઐવરેં-ક્રરકેંમઐમ્ સૂરેમ્.

૯૯. કેંમચિત્ અઈપિ નમાને ગાતુસઇતે ખ્શનિ રારેનેંમ્ હુબઓાઈધી બરેંજિશ હુવન્તેંમ્, આતચઇનિ, જરથુસ્ત્ર! અર્દી સૂર અનાહિત, હજંઙ્રાઇ બરેશ્ન વીરનાંમ્, મસો ક્ષયેતે ખ્શરેં-નઙ્હો, યથ વીરપાડ ઇમાડ આપો યાડ જેમા પઈતિ ફ્રતચન્તિ, યા અમવઇતિ ફ્રતચઇતિ— અહે રય ખ્શરેનઙ્હચ (૯ માં ફકરા પ્રમાણે).

[૨૪] ૧૦૦ યજઐશ મે હીમ્ (બારત) દઙ્હુ-ફ્રાધનાંમ્ અષઓાનીમ્.

૯૮.—જેણીનાં નાલાંઓ (નાંહાંની નદીઓ)માંનાં કોઇ કોઇ નાલાં ઉપર સારાં બાંધેલાં, સો બારી-વાલાં ભપકાદાર, સુંદર હજાર સ્થંભવાલા અને મજબૂત દશ હજાર નાંહાંનાં સ્થંભવાલાં ઘર બાંધેલાં છે.

૯૯.—તે દરએક ઘરમાં ચકચકીત, સુગંધી અને સારી ઝાલરદાર તકીઆ સાથનું **તખત** (બેઠક) બીછાવેલું છે; ઓ જરથોસ્ત ! અર્દ્વી સુર અનાહિતા માનસોમાંનાં હજાર માનસોનાં માથાનાં જેટલી ઉંચાઇથી (તે નાલાપર આવેલાં મકાનો) તરફ વેહે છે; અને સઘલી આ નદીઓ કે જે આ જમીન ઉપર વેહે છે તે સઘલીઓનાં જેટલું પ્રતાપનું મહત્વ તે એખલી ભોગવે છે, અને તે ઘણી જહડપથી વેહે છે. તેના નુર ખુરેહ ઇ.યાદિ.

[૧૪] ૧૦૦—(પેહલા ક૦ પ્ર૦).

૧૦૧ તાંમ્ યજત, યો આષવ જરથુસ્ત્રો, અઇર્યેને વએજહિ વઙ્હુયાઉ દાઇત્યયાઉ, હઓમ યો ગવ બરેંસ્મન હિઝ્વો-દઙ્હઙ્હ માંથ્રચ વચચ ષ્યઓથ્નચ જઓથ્રાબ્યસ્ચ અર્શુખ્ધએઇબ્યસ્ચ વાઘ્ઝિબ્યો.

૧૦૨. આઅત્ હીમ્ જઇધ્યત્, અવત્ આયપ્તેંમ્, "દઝ્દિ મે વઙ્ઉહિ સેવિસ્તે અર્દ્વિ સૂર આનાહિતે! યથ અજેમ્ હાચયેનિ પુથ્રેગ્, યત્ અઉર્વત્-અસ્પાહે, તાખ્મેંમ્ કવએમ્ વીશ્તાસ્પેંમ્, આનુમતેએ દએનયાઉ, અનુખ્તેએ દએનયાઉ, અન્વર્શ્તેએ દએનયાઉ."

૧૦૩. દયત્ અહ્માઈ, તત્ અવત્ આયપ્તેંમ્ અર્દ્વિ સૂર આનાહિત, હધ જઓથ્રો-બરાઇ, અરેદ્રાઇ, યજેંમ્નાઇ જઇધ્યન્તાઇ, દાથ્રિશ્, આયપ્તેંમ. —અહે રય ખરેનઙ્હચ. (૯ માં ફકરા પ્રમાણે).

[૨૫] ૧૦૪. યજ્અએશ મે હીમ્ (જાવન) દઙ્હુ-ફ્રાથ્નનાંમ્ આપઓનીમ્.

૧૦૧.—તેણીને અશો જરથોસ્તે, વેહદાઈતિ નદીવાળાં ઈરાનવેજમાં, હોમ જે ગવ તથા બરસમ સાથે તયાર કરવામાં આવ્યો છે તે વડે જબાનની દાનેશ સાથનાં મન વચન અને કરણી વડે અને જોરો તથા રાસ્ત સખુનો વડે આરાધી.

૧૦૨.—તેથી તેણે તેની પાશે આ મુરાદ ચાહી કે ઓ ખુબીવાલી, ઘણીજ ફાયદાવાળી અને નિર્મલ અર્દ્વિ સૂર ! આ મુરાદ મને બક્ષ કે હું અઉર્વત-અસ્પનાં (લોહોરાસ્પના) જોરાવર પુત્ર કએ ગુસ્તાસ્પને દીનનાં મત પ્રમાણે, દીનનાં વચન પ્રમાણે અને દીનનાં કામ પ્રમાણે, ચલાવું.

૧૦૩.—(૧૯ માં ફકરા પ્રમાણે).

[૨૫] ૧૦૪.—(પેહલા ક૦ પ્ર૦).

૧૦૫. તાંમ્ યજત બેરેજઇધિશ્ ક્ત વીરનારપો, પસ્ને આપેમ્ કૂરજ઼દાનઓમ, સતઓ અરપનાંમ્ અગ્નિનાંમ્, હજડૂરે ગવાંમ્, બઓવરે અનુમયનાંમ્.

૧૦૬. આયત્ હીમ્ જઇધ્યત્, અવત્ આયપ્તેંમ્, "દજ઼ૂદિ મે વડ્ઙુહિ સેવિરતે અર્દ્વિ સૂર અનાહિતે! યત્ બવાનિ આઇવિ-વન્યાઉ તાંથ્રવન્તેંમ્ કુજ઼દઓનેંમ પેશાનેંમચ દઓવયસ્નેંમ્, દ્રવન્તેંમ્ચ અરેજત-અસ્પેંમ્, અહેમય ગઓથે પેષનાહુ."

૧૦૭. દથત્ અહ્માઇ તત્ અવત્ આયપ્તેંમ્, અર્દ્વી સૂર અનાહિત, હધ જઓઘ્રો-બરાઇ, અરેંદ્રાઇ, યજેંમનાઇ, જઇધ્યન્તાઇ, દાથ્રિશ્, આય પ્તેંમ્.— અહે રય ખરેનડ્હચ. (૯ માં ૬૦ પ્રમાણે).

[૨૬] ૧૦૮. યજ઼ઓશ મે હીમ્ (જાવત) દડ્હુ-ફ્રારાંવનાંમ્ આપઓનીમ્.

૧૦૯. તાંમ્ યજત અરપાયઓધ્રો જઇરિ-વઇરશ્, પસ્ને આપો દાઇત્યયાઉ, સતઓ અરપનાંમ્. અર્ગનાંમ્. હજડ્રે ગવાંમ્. બઓવરે અનુમયનાંમ્.

૧૦૫.—તેણીને બુલંદ (અથવા ઉંચી દાનેશ ધરાવનાર) કૈએ ગુસ્તાસ્પે, ફ્રરજ઼્દાનુ નદીનાં કીનારા ઉપર, સો જવાન ઘોડાઓથી, હજાર ગાવોથી અને દશ હજાર નાહાંનાં ગોસ્પંદોથી આરાધી,

૧૦૬.—તેથી તેણે તેની પાશે આ મુરાદ ચાહી કે "ઓ ખુબીવાલી, ઘણીજ ફાયદેમંદ અને નિર્મલ અર્દ્વિ સૂર! મને તું આ મુરાદ બખશ કે હું, બદદીન તાંથ્રવંતને, દેવપરસ્ત પેશનને અને દરવંદ અર્જાસ્પને આ લડાઇનાં મેદાંનમાં લશકરોની વચે મારનાર થાવું."

૧૦૭.—(૧૬ માં ફકરા પ્રમાણે).

[૨૬] ૧૦૮.—(પેહલા ફ૦ પ્ર૦).

૧૦૯.—તેણીને ઘોડાની પીઠ ઉપર બેશીને લડાઇ કરનાર જરીરિ-વઇરિએ (જરીરે), વેહેદ્દાઇતિ નદીના કીનારા ઉપર, સો જવાન ઘોડાઓથી, હજાર ગાવોથી અને દશ હજાર નાંહાંનાં ગોસ્પંદોથી, આરાધી.

૧૧૦. આઆત્ હીમ્ જઇધ્યત્, અવત્ આય-પ્તેંમ્, "દઝ્દિ મે વઙ્ઉહિ સેવિસ્તે અર્દ્વિ સૂર-અનહિતે! યત્ બવાની અઈવ્-વન્યંઙ્ પેશો-ચઙ્હેમ્ અસ્તો-કાનેંમ્, હુગયાકેમ્ દએવયસ્નેંમ્, દવન્તેં-રય અરેજત્-અરપેંમ્, અહય ગએથે પેષનાહુ."

૧૧૧. દથત્ અહ્માઇ તત્ અવત્ આયપ્તેમ્ અર્દ્વી સૂર અનાહિત, હધ્ર જઓથ્રો-બરાઇ, અશેદ્રાઇ, યઝેંમ્નાઇ, જઇધ્યન્તાઈ, દાથ્રિશ, આયપ્તેંમ્ — આહે રય ખરેનઙ્હચ (૯ માં ૬૦ પ્ર૦).

[૨૭] ૧૧૨. યજ્અએશ મે હીમ્ (જાવત) દઙ્હુ-ફ્રાશ્ચનાંમ્ અપઓનીમ્ (પેહલા ફકરા પ્રમાણે).

૧૧૩. તાંમ્ યજત વન્દરેમઇનિશ અરેજત્-અ-શ્વો, ઉપ જ઼રયો વોઉરુકશેમ્, સતેંમ્ અસ્પનાંમ્ અર્ષનાંમ્, હજઙ્રે ગવાંમ્, બએવરે અનુમયનાંમ્

૧૧૦.—તેથી તેણે તેની પાશે આ મુરાદ ચાહી કે "ઓ ખુશીવાલી, ઘણીજ ફાયદેમંદ અને નિર્મલ અર્દ્વી સૂર! મને તું આ મુરાદ બખશ કે હું આઠ ભોયરાંવાલા પેશોત્ચ્રૂ-હુને, દેવપરસ્ત હુમયાકને અને પાપી અર્જાસ્પને આ લડાઇનાં મેદાનમાં લશકરો વચ્ચે મારૂં.

૧૧૧.—(૧૯ માં ફકરા પ્રમાણે),

[૨૭] ૧૧૨.—(પેહલા ફ૦ પ્ર૦).

૧૧૩.—તેણીને **વન્દરેમનને** લગતા **અર્જાસ્પે** વોરૂકશ દર્યાની નજદીક, સો જવાન ઘોડાઓથી, હજાર ગાવોથી અને દશ હજાર નાંહાનાં ગોસ્પંદોથી, આરાધી.

૧૧૪. આઅત્ હીમ્ જઈધ્યત્, અવત્ આય-પ્તેંમ્, "હજદિ મે વઙ્-ઉહિ સેવિશ્તે અર્દ્વિ સૂર અનાહિતે! યત્ બવાનિ અઇવિ-વન-યાઓ તખ્મેંમ્ કવએમ્ વીશ્તાસ્પેંમ્, અસ્પાયઓધ્રે જઇરિ-વઇરિશ્, યથ અર્જેમ્ નિજનાનિ અઇર્યનાંમ્ દખ્યુનાંમ્ પન્ચસધ્નાઇ સતધ્નાઇશ્ચ, સતધ્નાઇ હજ-ઙ્રધ્નાઇશ્ચ, હજઙ્રધ્નાઇ બએવરેધ્નાઇશ્ચ, બએ-વરેધ્નાઇ અહાંખ્નધ્નાઇશ્ચ.

૧૧૫. નોઇત્ અધ્નાઇ દથત્ તત્ અવત્ આય-પ્તેમ્, અર્દ્વી સૂર અનાહિત.—અહે રય ખરે-નઙ્હચ (૯ માં ફકરા પ્રમાણે).

[૨૮] ૧૧૬. યજ્અેશ મે હીમ્ (જાવત) દરૂઙ્હુ-ફ્રાશ્નનાંમ્ અપઅેાનીમ્.
(પેહલા ફકરા પ્રમાણે).

૧૧૭ યેઙ્હે ચથ્વારો અર્શાન હાંમ્-તાષત્ આહુરો મજ્દાઓ, વાતેંમ્ચ, વાંરેંમ્ચ, મએઘેંમ્ચ ફ્રઙ્હુસ્મ્ચ, માસ્તિ જિમે હીમ્, સ્પિતમ જરથુસ્ત્ર!

૧૧૪.—તેથી તેણે તેની પાશે આ મુરાદ ચાહી કે "એ ખુબીવાલી, ઘણીજ ફાયદેમંદ અને નિર્મલ અર્દ્વિ સૂર! મને આ મુરાદ બખશ કે હું જોરાવર કયાની ગુસ્તાસ્પ અને ઘોડાની પીઠ ઉપર બેશી લડનાર જઇરિ-વઇરિ (જરીર)ને મારનારો થાવું; અને તેમજ હું ઈરાન દેશોમાંનાં પચાશ-સોઘણાં, સો-હજાર ઘણાં, હજાર દશ હજારઘણાં અને દશ હજાર અસંખ્યઘણાં માનસોનો નાશ કરૂ.

૧૧૫.—તેને નિર્મલ અર્દ્વી સૂરે તે મુરાદ નહિ બખશી.—તેણીનાં તેજ પ્રતાપ ઇત્યાદિ. (૯ માં ફકરા પ્રમાણે).

[૨૮] ૧૧૬.—(પેહલા ફકરા પ્ર૦).

૧૧૭.—જેણીનાં ચાર જવાન ઘોડાઓ તરીકે અહુરમજદે **પવન**, વર્ષાદ, વાદલાં, અને કરાં બનાવેલાં છે, કે (જેઓ) શિયાલામાં બીનાસનાં મેલાપથી, ઓ સ્પિતમાન જરથોશત! તે (અર્દ્વી સૂર) તરફ વર્ષાદ વરશાવવાને. હીમ પાડવાને બરફ પાડ-

વારેન્તએચ, સ્નએઝિન્તએચ, સરિચન્તએચ ફ્યઙ્હુન્તએચ ; યેઙ્હે અવવત્ હએનનાંમ્ નવસતાઇશ્ હઝઙ્રેમચ.

૧૧૮. યજાઇ હુકઇરીમ્ બરેઝો વીસ્પો-વહ્મેમ્ ઝરનએનેમ્, યહ્માત્ મે હચ ફ્રઝ્ગધઇતે અર્દ્વી સૂર અનાહિત, હઝઙ્રાઇ બરેસ્ન વીરનાંમ્, મસો ક્ષયેતે ખરેનઙ્હો, યથ વીસ્પાઓ ઈમાઓ આપો યાઓ ઝેમા પઇતિ ફ્રતચન્તિ, યા અમવઇતિ ફ્રતચઇતિ.--અહે રય ખરેનઙ્હચ. (૬ માં ફકરા પ્રમાણે).

[૯૨] ૧૧૯. યજએશ મે હીમ્ (જાવત) દઙ્હુ-ફ્રાધનાંમ્ આપઓનીમ્.

૧૨૦. ઝરનએનેમ્ પઇતિ-દાનેમ્, વઙ્હુવિ હિશ્તઇતિ, દ્રઝિમ્ન અર્દ્વીસૂર અનાહિત, ઝઓથ્ર-વાચિમ્, પઇતિશ-મરેમ્ન, અવત્ મનઙ્હ મઇનિમ્ન;

વાને અને કરાં પાડવાને માટે છે; અને તેઓ તેણીનાં (અર્દ્વી સૂરનાં) લશકરોમાંનાં હજાર નવસો-ઘણાં (૯૦૦૦૦૦) લશકર તરીકે છે.

૧૧૯.—તમામ ખુબી ધરાવનારા (લીલોત્રીવાલા) હુકર પાહડને તું વખાન કે જેમાથી મારી નિર્મલ અર્દ્વી સૂર હજાર માનસોનાં માથાની ઉચાઈથી વેહે છે; અને સઘલી નદીઓ કે જે આ જમીન ઉપર વેહે છે તે સઘલીઓનાં જેટલું પ્રતાપનું મહત્વ તે એખલી ભોગવે છે, અને જે ઘણીજ જોસથી વેહ છે—તેણીના તેજ પ્રતાપ ઇત્યાદિ. (૯ માં ફકરા પ્રમાણે).

[૨૯] ૧૧૯.--(પેહલા ફ૦ મૂજેબ).

૧૨૦.—તે ખુબીવાલી અને નિર્મલ અર્દ્વી સૂર સુણેરી પહાન રાખતી, જોરનાં વચનોનુ સ્મરણ કરતી અને મનમાં આ પ્રમાણે વિચારતી ઉભા રેહે છે:

૧૨૧. કો માંમ રતવાલ્, કો યજાઇતે, હઓમવઇતિબ્યો, ગઓમવઇતિબ્યો જઓથ્રાબ્યો યઓજ઼્દાતાબ્યો પઇરિ-અંઙ્હર્શતાબ્યો; કહ્માઇ અજેમ્ ઉપઙ્હચયેનિ હચિમ્નાઇચ અનમ્નાઇચ ફ્રારેઙ્હાઇ હુગનઙ્હઓચ.—અહે ચ ખરેનઙ્હચ. (૮ માં ફકરા પ્રમાણે.)

[૩૦] ૧૨૨. યજ઼એશ મે હીમ્ (ગાથત) દહ્યુ-ફ્રસ્તનાંમ્ અપઓનીમ્. (પેહલા ફકરા પ્રમાણે.)

૧૨૩. યા હિશ્તઇતિ ફ્રવધેમન, અર્દ્વી સૂર અનાહિત, કઇનીનો કેહ્રપ સ્‌રીરયાઉ અમવયાઉ, હુરઓધયાઉ, ઉસકાત્ યાસ્તયાઉ, એરેજ઼વહ્રથ્ગો રઓચત ચિથ્રેમ્ આઝાતયાઉ, ફ્રા-જ઼ઓષ્રેમ્ અધુ-કેમ્ વઙ્હાનેમ્ પૌ.ઉરૂ-રપદ્દતેંન જરનએનેમ્ બાત.

૧૨૧.—"કોણ મારી સ્તુતી કરેચ? કોણ મને હોમો વટે, ગોમો વટે અને સ્વચ્છ કીધેલા તથા છાંટેલા જોરો વટે આરાધેચ, કયા ઈમાનદાર, એક સરખા-વિચારના અને નેક મનવાલા ભેટ કરનારને હું મદદે જાવું."—તેણીના તેજ પ્રતાપ ઇત્યાદિ. (૯ માં ફકરા મૂજેબ).

[૩૦] ૧૨૨.--(પેહલા ૬૦ પ્રમાણે).

૧૨૩.--જે નિર્મલ અર્દ્વી સૂરે, નોજવાન, સુન્દર, ઘણીજ હિમ્મતવાલી, ખોલેલા બાંધાવાલી, ઉંચાં વસ્ત્ર પેહરેલી, શીધા કદની, તેજવાલી, ઉદારતા ભરેલા દેખાવની (અથવા ઉંચાં કુલની), તથા ખુશનુમા સુંદર દેખાવનુ અને સૂણેરી અત્ક (એક જાતનું વસ્ત્ર) પેહરેલી એક સ્ત્રીનું રૂપ ધારણ કરેલું છે.

૧૨૪ યથ મામ્ બરેસ્મો-જસ્ત, ફ્રા-મઓષા-વર સીસ્પેંમન ચશ્રુ-ક્રન જરનએનિ મિનુમ્ ખરત હ્વાજાત, અર્દી સૂર અનાહિત, ઉપતાંમ્ સરીરાંમ્ મનોથ્રીમ્; હા કે ગઇધીમ્ ન્યાજત, યથચ હુકેરેપ્ત ફ્રૂસ્તાન યથચ અઙ્હેન્ નવાઝાન.

૧૨૫. ઉપઇરિ પુસાંમ બન્દયત, અર્દી સૂર અનાહીત; સતો-સ્તરહ્વાંમ્ જરનએનીમ્, અસ્ત-કઓઝદાંમ્ રથ કઇર્યાંમ્ દ્રફ્‌ષકવઇતીમ્ સરીરાંમ્ અનુપોઇથ્વઇતીમ્ હુકેરેંતાંમ્.

૧૨૬. બ.વ્રઇનિ વસ્ત્રાઙ્ વ.ઙ્હત અર્દી સૂર અનાહિત, થ્રિસતનાંમ્ બ.વ્રનાંમ્ ચતુરેં-જીરૂન-તાંમ્; યત્ અસ્તિ બ.વ્રિશ્ સ્રઓત્ન યથ યત્ અસ્તિ ગઓનોનેંમ; બ.વ્રિશ્ બવઇતિ ઉપાપો, યથ કેરેંતેમ્ થ્વ.ર્શતાઇ જરૂને, ચરેમાઙ્ વએ-નન્તો બરાઝન્તિ ફ્રેન એરેજતેમ્ જરનિમ્.

૧૨૪.--અને જે હાથમાં **બરસમ** પકડેલી નિર્મલ અર્દ્વી સૂરે ધરતાં પ્રમાણ પ્રમાણેની (જેહવી જોયે તેહવી), ઝુલતી અને ચાર ખુનાવાલી બાલી પેહેરી છે, અને જે ઊંચા કુલનીએ પોતાની સુંદર ગરદન ઉપર સુણેરી માલા પેહેરીછે—તેણીએ પોતાની કમર તંગ બાંધેલી છે કે જેથી તેણીનાં બંધે થાનો સુંદર દેખાવનાં અને નવાં ઉગેલા હોએ એવાં લાગે છે.

૧૨૫.—જે નિર્મલ અર્દ્વી સૂરે (પોતાનાં માથાં ઉપર,) સો સેતારાઓથી મઢી લીધેલું સુણેરી, આઠ-દાંતા (અથવા ખુના)વાલું, જેની ઉપર ગારીનું ચિત્ર પાડેલું છે એવું, જેની ઉપર નાહાંનો વાવટો ઉડતો દેખાએચ એવું, સોહામનું, માફકસર કદનું અને સુંદર બનાવેલું તાજ મુકેલું છે.

૧૨૬.—જે નિર્મલ અર્દ્વી સૂર, ચાર બચાંઓને જન્મ આપનાર **બિવરો**માંનાં જેઓ ઘણાંજ સરસ અને ઘણાજ ચલકતા રંગનાં છે તેઓ મધેના ત્રિશ **બિવર** જાનવરોનાં ચામડાંનાં બનાવેલાં, વસ્ત્રો પેહેરે છે; એ **બિવર** પાણીમાં વસનારૂ જાનવર છે,—ચોકસ ઠેરવેલ વખતે તેનાં ચામડાં કાહાડવામાં આવે છે કે જે સુણેરી રૂપેરી (પટા અથવા

૧૨૭. આઅત્ વઙ્હઇતિ પષ સેવિશ્રે અર્દ્વિ સૂર અનાહિતે ! અવત્ આયપ્તેંમ્ યાસામિ યથ અજેમ્ દત્રાફ્રિતો મસ ક્ષથ્રૂ નિવાનાનિ, અશ-પચિન, સ્તૂઇ બખ્ધ્ર. ફ્રરઓથત્-અરપ, ખનતચખ્ર, ક્ષરએવ.યત્-અસ્ત્ર, અશ-ગઓઉર્વં, નિધાનો-પિતુ હુ'અઓઇધિ, ઉપ સ્તરેમએનુ વારેંમ દઇધે પરેનઙ્-હુન્તેંમ્ વીસ્પાંમ્ હુજ્યાઇતીમ્ ઉરૂવંન્તેમ્ ક્ષથ્રેમ્ જજાઇતિ.

૧૨૮. આઅત્ વઙ્હઇતિ પષ અર્દ્વિ સૂર અનાહિતે ઠ અઉર્વંન્ત યાસામિ, ચિમ્ચ ત્રિપઇતિશ્તાનેંમ્ અઉર્વંન્તેંમ્, ચિમ્ચ ચથ્વરેં-પઇતિશ્તાનેંમ્ ; અઓંમ્ ત્રિપઇતિશ્તાનેંમ્; અઉર્વંન્તેંમ્ યો અઙ્-હત આઝુશ ઉજ્ગસ્નો હુપ્રઓઉર્વઐસો વાપાહુ પેશનએનુચ; અઓમ્ ચથ્વરે-પઇતિશ્તાનેમ્ યો હએનયાઙ્ડ પેરેથુ-અઇનિકયાઙ્ડ વ ઉર્વઐસયાત્ કરન હાયૂમ્ચ હવિનેમ્ચ, હવિનેમ્ચ હાયૂમ્ચ.

ખુશ્બુદાર) અને પ્રતિબિંબ આપે એવાં (એટલે આરસી જેવાં) છે અને તે બહુપ્રકાશ આપે છે.

૧૨૭.—ત્યારે ઓ ખુબીવાલી, ઘણી ફાયદેમંદ અને નિર્મલ અર્દ્વિ સૂર! હુ કે જે ઘણો ચહવાએલો છું તે આ ફાયદો ચાહુંચ કે હિયાં પસંદ પડતા ઘોડાવાલાં, મોટી ખંડણી મેલવતાં, તેજ ઘોડાવાલાં, ખનખનાત કરતા રથવાલાં, તેજ હથ્યારોવાલાં, પુષ્કલ ખોરાકવાલાં અને તયાર તથા સુગંધી (અથવા સ્વાદીષ્ટ) ખોરાકવાલાં એવાં રાજ્યોને બંચાવી રાખું, કે જે રાજ લડાઈનાં મેદાનો ઉપર પુરતો બંચાવ આપી શકેચ અને જેથી તમામ નેક જીંદગી ગુજારનાર ટોલા આબાદી પામેચ.

૧૨૮.—ત્યારે ઓ ખુબીવાલી, ઘણી ફાયદેમંદ અને નિર્મલ અર્દ્વિ સૂર! હું તે બે જવાન બહાદુરો માંગુચ, જેમાંનો એક બે પગો જવાન બહાદુર, અને એક ચાર પગો જવાન બહાદુર છે; બે પગો જવાન બહાદુર તે કે જે લડાઈઓમાં લડાઈઓની રથો ઉપર ઘણાજ જહડપના ધસારાથી ચહડી જનાર હોય, અને ચોપગો જવાન બહાદૂર તે કે જે મોહટાં લશકરવાલી સેનાની હાહુઓ અને

૧૨૯. અએત યરન, અએત વક્ષ, અએત પઈતિ અવ-જસ, અર્દ્વિ સૂર અનાહિતે ! હચ અવતએ્યો સ્તરેભ્યો, અવિ જાંમ્ અહુર-ધાતાંમ્, અવિ જઓતારેંમ્ યઝેમનેંમ્, અવિ પેરેનાંમ્ વીધ્‌ઝારયેઇન્તીમ્, અવ્‌ હે જઓઓબ્રારાઓ અરે દાઓ યઝેમનાઓ જઈધ્યન્તાઓ, દાશીશ્‌, સ્પયન્તેંમ્ યથ તે વીસ્પે અઉર્વન્તો જ્‌જ્‌વાઉંહ્‌ પૈતિજસાંન, યથ ક્વોધ્ધશ વીશ્તારપહે.—અહે રૅ ખરેનહ્‌ચ. (૯ માં ફકરા પ્રમાણે).

(બાજમાં)

(ક) અહુરમજદ ખુદાએ ! અવ્‌ઝૂની એ મર્દુમ્, મર્દુમ્ સર્દગાંન્, હમા સર્દગાંન્ હમ્બા-યસ્ત્ એ વેહાંન્ ! ઉઈમ્ વેહ-દીન્ માજ્દયસ્નાંન્

જમની તથા જમની અને દાહબી બંધે બોરહુએ ઘણી જહડપથી પોહોંચી શકે.

૧૨૯.—અર્દ્વિ સૂર અનાહિતા ! આ મેં કરેલી આરાધના અને દોઆથી તું આ સેતારાઓ (આકાશ) ઉપરથી અહુરમજદે પેદા કરેલી આ જમીન તરફ, આરાધના કરનાર જોતી (ક્રિયા કરનારોની તરફ અને પુરતા અખુટ ખોરાકની તરફ —ક્રિયા કરનાર, ભેટ આપનાર, ઇજનાર અને મુરાદ ચાહનારને વાસ્તેની મદદને સારૂ, ઓ મોરાદ બખશનારી ! તું પોહોચ; કે જેથી સઘલા બહાદુર પેહલવાનો કએગુશ્તાસ્પનાં બોલાવવા તરફ આવે (યાને જે ધર્મ ગુશ્તાસ્પે કબુલ કર્યો છે તે ધર્મ સઘલા બહાદુરોબી કબુલ કરે). તેણીના તેજ અને અને પ્રતાપને લીધે ઈત્યાદિ.

(બાજમાં)

(ક) અએ પોતે પોતાની મેરેજ પેદા થયલા મહા ગ્નાની સાહેબ ! માનસ અને માનસ જાતની અને બીજી સઘલી જાતની પેદાયસની વૃદ્ધિ કરનાર ! સઘલા ભલી દીનના શરીકોની વૃદ્ધિ કરનાર સાહેબ ! હું માજદયસનાંનોમાંનાં બેહદીનને દીનની

આગાઊી આરાત્રાની નેકી રસાનાદ્! અએદ્દૂન્ બાદ્!—(પ્રગટ પઢે) યથા અહૂવર્યો (૨)—

(ખ) યસ્નેમ્ચ વહ્મેમ્ચ અઓજસ્ચ જવરેંચ આફ્રીનામિ અરેંદુયાઊ આપો અનાહિ-તયાઊ અષઓન્યાઊ અષેમ્ વોહૂ (૧).

(ગ) અહ્માઇ રએશચ ખરેંનસ્ચ; અહ્માઇ તન્વો દ્રવતાતેંમ, અહ્માઇ તન્વો વજ્દ્વરેં, અહ્માઇ તન્વો વેરેંથ્રેમ્, અહ્માઇ ઇસ્તીમ્ પઓઉરુશ્-ખાથાંમ્, અહ્માઇ આસ્નાંમ્ ચિત્ ફ્રજન્તીમ્, અહ્માઇ વહિસ્તેમ્ અહૂમ્ અષઓનામ્ રઓચન્હેંમ્ વીસ્પો-ખાથ્રેમ્; અથ જમ્યાત્ યથ આફ્રીનામિ.—અષેમ્ વોહૂ (૧).

(ઘ) હજન્ગ્રેંમ્ બએષજનાંમ, બએવરેં બ-એષજનામ્.—અષેમ્ વોહૂ (૧).

આગાહી, દીનપર ઉસ્તવાર રેહવું અને નેકી પોહોંચો ! (જેમ મેં ચાહ્યું તેમ) થાઓ !

(ખ) નિર્મલ અને અશો અર્દ્વિ સૂર નદીની આરાધના, દોઆ, અજમત અને કુવ્વતને હું વખાનું છું

(ગ) (જે શખસ કે અર્દ્વિ સૂરના ગુણોની વખાંન ગાએ) તેને તેજ અને ખુરેહ, તેને તનની મજબુતી (તન્દુરોસ્તી), તેને તનનું સુખ, તેને તનની ફતેહ, તેને પુરતાં સુખવાલી દોલત, તેને જાતી અકલનાં ફરજંદો, તેને લાંબાંમાં લાંબી જીંદગી અને તેને અશો લોકોનું, રોશન અને તમામ સુખવાલું બેહેસ્ત હોજો; જેમ મેં ચાહેઉં તેમ થાઓ !

(ઘ) હજાર ઘણી તન્દુરોસ્તી અને દશ હજાર ઘણી તન્દુરોસ્તી થાઓ.

(૬) જસ મે અવંઘ્હે મઝ્દ! અમહે હુતાશ્‌તહે હુરઓથહે વેરેથ્રઘ્નહે અહુર-ધાતહે વનઇંત્યાઉશ્ચ ઉપરતાતો; રામનો ખાસ્ત્રહે વયાઓઈ ઉપરોકર્યેહે તરધાતો અન્યાઇશ દામાંન્; અએતત તે વયો યત તે અસ્તિ સ્પેન્તો મઈન્યઓમ, થ્વાષહે ખધાતહે ઝ્રવાનહે અકરનહે ઝ્રવાનહે દરેઘોખધાતહે—અષેમ વોહૂ-(૧)

(૭) કેર્દે ગુઝ્દ ગુનાહ ગુજારેરનરા કુનમ, અશાહી રવાંન દુશારમરા હમકેર્દ હમા વેહાને હફ્તકેશ્વર જમીન, જપીન-પેહના, રુદ-દરાના, ખુર્શીદ-બાલા, બુન્દીહા બે-રસાદ! અશો બીદ હેર્-ઓ! અથ જમ્યાત યથ આફ્રીનામિ!—અષેમ વોહૂ (૧)

(૭) રોજે (ફલાન) માહે (ફલાન) ગાહે (ફલાન) નમાઝે દાદારે ગેહાન-દાગાન! હુનઓથ

(૬.) અએ દાદાર અહુરમજદ ! તું મારી મદદને માટે પોહોંચ; નેક બનાવેલા અને ખુબસુરત અમની, અહુરમજદે પેદા કીધેલા બેહેરામની, વનન્તી—ઊપરતાતની, રામખાસ્તારની, વયુ-ઉપર કઈર્ય કે જે બીજી પેદાયસો કરતાં સરસ પેદા કીધેલો છે અને જે તું સ્પેનામીનોનો લગતો છે તેની, કુદરતના કાયદા પ્રમાણે ચાલનાર આકાશની, વગર હદના જમાનાની અને લાંબા મુકરર કીધેલા જમાનાની (મદદ મને પોહોચાડ.)

(૫) પાપનાં નિવારણને માટે સવાબનાં કામોનો બદલો હું મેલવું અને રવાનનાં પિયારને માટે, હફ્તકેસ્વર જમીન ઉપર વસનારા, સઘલા સવા-બકારો અને તમામ ભલાઓને, જમીનની ફરાખી જેટલી, નદીની લંબાઇ જેટલી, ખુરશેદની બુલંદી જેટલી અશોઇ (પુણ્ય) પુરતી રીતે પોહોચો ! પુણ્યવાન માનસ લાંબા વખત સુધી જીવજો ! જેમ હું ચાહુચ તેમ થાઓ (યાને આમીન) !

(૭) ફલાનાં રોજે, ફલાંનાં મહીનામાં અને ફલાની ગેહેમાં—દુન્યાની તમાંમ પેદાએશને પેદા કરનાર દાદાર અહુરમજદને નમાજ ! દાદાર અહુ-રમજદને ખુશાલ કરવાને માટેની અને ગનામીનોનો

અહુરહે મજદાઙ. તરોઇદીતે અઙરહે મર્ઇ-યેઉશ. ૯૮થ્યા-વરતાંમ ઘ્યત્ વરના ફ્રરમોતેમેંમ્; રતઓમી અમેંમ્—અમેંમ્ વોહૂ (૧)

(જ) ગુર્જ ખુરેહ અવજાયાદ અર્દી સુર બાનો એ-રસાદ! અમાવંદ પીરોજગર અમાવંદી પીરોજગરી; દાદે દીને વેહ માજદયસ્નાન્ આંગ-હીરવાઇ ગોઆફ્રરંગાની બાદ્, હપ્ત-કેશ્વર-જમીન અઓહ્નબાદ; મન્ આનો આવાયદ શુદન્, મન્ આનો આવાયદ શુદન્. મનઆનો આવાયદ શુદન્! આપઓનિ અમેમ્ વોહૂ (૧)

(ઝ) દાદારે ગેહાન દીને માજ્દયસ્ની દાદે જરથુસ્તરી. નેમસે તે સેવિરતે અર્દિ સુર અનાહિતે આપઓને! —અમેંમ્ વોહૂ (૧)

(ઞ) નેમો ઉર્વઇરે વઙુહિ મજદધાતે આપઓને!—અમેમ્વોહૂ. (૧)

તિરસ્કાર કરવાને માટેની રાસ્તીનાં કામો કરનારાઓની જે મુરાદ છે તે અતિ ઉત્તમ છે.—રાસ્તીને હું વખાનું છું.

(જ) અર્દ્દી સૂર બાનૂનું તેજ અને પ્રતાપ વધો! અને તે હિમ્મતવાલી તથા ફતેહમંદ (હમારી) હિમ્મત તથા ફતેહને માટે પોહોચો! ભલી માજદયસ્નની દીનનો રેવાજ, તેની વાકેફી અને પ્રખ્યાતિ—હક્તકસ્વર જમીનપર થાઓ! જેમ મેં ચાહેઉં તેમ થાઓ! એજ પ્રમાણે મનેબી (તે ભલી દીનની વાકેફી અને મશહુરી) મલે!

(ઝ) માજદયસ્ની દીન અને હજરત જરથોસ્તે જાહેર કરેલો તરીકો એ સઘલી સૃષ્ટિને સરજનાર દાદાર અહુરમજદ તરફથી મલેલો છે. પવિત્ર, ઘણીજ ફાયદેમંદ અને નિર્મલ અર્દ્દિ સૂર! નમસ્કાર તુંને!

(ઞ) ખુબીવાલાં, અહુરમજદે પેદા કીધેલાં ઉપર વર નમસ્કાર તમુને!

(૮) અર્દ્વીમ્ સૂરાંમ્ અનાહિતાંમ્ અપઓ-નીમ્ આપહે રતૂમ્ યજમઇદે.—અષેમ્ વોહુ (૧)

(૬) અર્દ્વી સૂર બાનો બે-રસાદ.—અષેમ્ વોહુ (૧)

અષેમ્ વોહૂ

અષેમ્ વોહૂ વહિશ્તેંમ્ અસ્તી; ઉશ્તા અસ્તી ઉશ્તા અહ્માઇ, હ્યત્ અષાઇ વહિશ્તાઇ અષેમ્.

અહૂનો વઇર્યો.

યથા અહૂ વઇર્યો અથા રતુશ્ અષાત્ ચીત્ હચા; વંઙહેઉશ્ દજ્દા મનંઙહો શ્ય-ઓથનનાંમ્ અંઙહેઉશ્ મજ્દાઇ; ક્ષથ્રેમ્ચા અહુરાઇ આ યિમ્ દ્રેગુબ્યો દદત્ વાસ્તારેમ્.

(૮) નિર્મલ, અશોઈ વાલી અને અશોઈમાં ચહડતી અર્દી સૂરને હમો વખાનીએચ.

(૯) અર્દી સૂર બાનો (હમારી મદદે) પોહોચો !

અષેમ વોહુની માએની.

રાસ્તી એ સર્વથી ઉત્તમ દોલત તથા મોહટું સુખ છે; ખરૂં સુખ તે શખસને છે કે જે ઉત્તમ સચ્ચાઈમાંજ પોતાનું સુખ સહમજેછે.

'અહુનવર'ની માએની.

જે પ્રમાણે આ દુન્યાને લગતો કારોબાર ચલાવનાર સરદાર (યાને પાદશાહ) પોતાની મુરાદ મૂજેબ કામો કરનાર (યાને આપએખ્યાર) છે તેમજ ધર્મને લગતો કારોબાર ચલાવનાર સરદાર (યાને દસ્તૂરાન દસ્તૂર) પોતાની રાસ્તીની મારફતે મુરાદ મુજેબ ચાલનાર છે (મતલબ એ કે આ દુન્યાને લગતો કારોબાર ચલાવનાર પાદશાહ અને મીનોઇ દુન્યાને લગતો કારોબાર ચલાવનાર યાને માનસોને સચાઇને મારફતે બેહસ્તનો મારગ શિખવનાર 'રદ' (વડો ધર્મ ગુરૂ) એક સરખા દરજ્જાનાં અથવા માન આપવાને લાયકનાં છે.)

'અહુનવર'ની માએની.

બહમનની બખશેશ આ દુન્યાના, અહુરમજદને માટેનાં કામો કરનારાઓની છે (યાને જેઓ આ દુન્યામાં દાદાર અહુરમજદને ખુશી કરવાનાં કામો કરે છે તેઓને બહેસ્તની બખશેશ મલે છે.)

જે શખસ ગરીબોને પરવરશી કરનાર મેલવી આપેચ તે ગોયા અહુરમજદને પોતાને પોતાને પાદશાહ (અથવા માલેક) ગણે છે.

આવાં યશ્તમાં આવેલી કેટલીએક બાબતોનો ખુલાસો.

સફો ૩ જો—(ક)—એ અવસ્તાનો વાકય દરએક અવસ્તાનાં ભાગની શરૂઆતમાં, હમેશાં લખવામાં આવેલો છે, અને એનો અર્થ "બ ખશનુદીએ દાદાર અહુરમજ્દ" એવા પાજંદ બંદગીઓમાં આવેલા વાકયને મલતો-દાદાર અહુરમજ્દને ખુશનુદ કરવાને (હું આ અવસ્તા શરૂ કરૂં છું) એવી રીતેબાં થઈ શકે છે.

(ખ) થી (ગ) સુધીનો ભાગ પાછલા વખતમાં વધારેલો 'પાજંદ' ભાષામાં, દીબાચો અથવા મંદાન છે અને (ઘ) થી તે (ઝ) સુધીનો ભાગ અસલ અવસ્તાનો દીબાચો છે અને ૧ લા ફકરાથી એ યશ્તનું મંદાન

થાએ છે. બીજા સઘલા ખુરદે અવરતાની રચના ઉપલીજ રીતીની છે.

(ચ) થી તે (જ) 'ફ્રૂરવરાને' થી શરૂ થતો ભાગ દીનનો કલમો અથવા એક ખરા જરથોશતીનું લક્ષણ દેખાડનારો તથા તે કયા વખતનાં અને કયા ફરેસ્તાની વખાન કરે છે તે બતાવનારો ફકરો છે. એ ફકરાનો તરજુમો હાલ સુધી થયલા તરજુમાઓથી સદનતર જુદો છે; અને એવો તરજુમો, પેહેલ વેહેલો મારા મીત્ર એરવદ શેહરીયારજી દાદાભાઇ ભરૂચાએ કર્યો છે અને તે ધ્યાન આપવા જોગ છે.

જેમ શેઠ ખુ૦રૂ૦ કામાજી રપિહિન ગેહને સઉથી પેહેલી ગણે છે તેમ લેતાં એ 'ફ્રૂરવરાને' થી શરૂ થતા ફકરા ઉપરથી આપરો આગલા જરથોશતી નિયાગાનો પોતાનો આખો દીવસ કેહવી રીતે ગુજારતા તે વીશે ઘણી સરસ રીતે સમજાવી શકાય છે.

(૧) ઉષહિન ગેહ—એ વખત પેહેલાં "બેરેજ્ય" (યાને બામદાદમાં ઉઠી દોઆ ચાહવાનો), અને પછી ન્માન્ય (યાને ઘરધનીનું કામ બજાવવા) નો છે. એ વખતે ઘરધનીનું કામ એ હોવું જોઇએ કે પોતાનાં કુટુંબ સાથે પેહેલાં ખોદાની બંદગી કરવી અને તે પછી બીજું ઘરસંસારને લગતું કામ કરી લેવું.*

---

* આપરા લોકોમાં રાતે ૧૨ વાગા પછી વંદીદાદ કરવામાં આવે છે, તે વિશે એહવું કેહવામાં આવે છે કે તે ઉશહિન ગેહેમાંજ થઇ શકે, પણ વંદીદાદની શરૂઆતથી તે સેવટ સુધી જ્યાંબી 'ફ્રરવરાને' પઢવામાં આવે છે ત્યાંહાં ઉષહિન ગેહ નહી પણ 'દાતાઇ હધ દાતાઇ વીદએવાઇ જરથુસ્ત્રાઇ' એહવી તદન જુદીજ ગેહ પઢવામાં આવે છે. તે ઉપરથી એહવું જણાય છે કે ઉષહિન, ખુરશેદને તલુ થવાનો વખત. જેમ હાવન, હોમની ક્રિયા કરવાનો વખત, રપિથવન, બપોરનો વખત, ઉજયરિન, સુરજ

(૨) હાવન ગેહ—એ વખત હોમની ક્રિયા કરવાનો છે; અને તે વખત 'સાવઙ્હિ' યાને લોકોએ પોતાના ધંધા રોજગારના કામમાં મશગુલ થવાનો, અને "વીસ્પ" યાને મોહોલાને લગતા વડાએ પોતાની કચેરી ભરી પોતાના મોહોલાના લોકોનો ઇનસાફ કરવામાં મશગુલ થવાનો છે.

(૩) રપિથવન ગેહ—એ વખત બપોરનો છે; એ વખતમાં 'ફ્રરાદત-ફ્શુ' યાને સહવારથી ખેતીવાડીના કામમાં લાગેલાં પશુઓને આશાએસ આપવાનું, અને 'જન્તુમ' યાને ગામને લગતા વડાએ પોતાની કચેરી ભરી લોકોનો ઇનસાફ આપવાનું, કામ થતુ હતું.

અસ્ત પામવાનો વખત, અઇવીસરૂથરેમ રાતે બંદગી કરવાનો તથા આરામ લેવાનો વખત તેમ 'દાત હુધ દાત વીદએવ જરથુસ્ત્ર' એ વંદીદાદ પઢવાનો વખત છે. એહવું એ શબ્દોનાં ખુદ અર્થો ઉપરથીજ ખુલ્લું દેખાએ છે.

(૪) ઉજીરન ગેહ—એ વખત સૂર્ય અસ્ત પામવા આગમચનો હોય એવું જણાયછે; કેમકે એ વખત 'ફરાદત-વીર' યાને માનસોને પોતાના ધંધાથી ફારેગ થઇ આરામએસ લેવાનો છે, તથા એ વખતે 'દખ્યુમ' યાને દેશપતિ (પાદશાહ) પોતાની કચેરી ભરી' 'વીસ્ય' તથા 'જન્તુમ' એ ચુકવેલા લોકોના મુકદમાં સમજવાનું કામ ચલાવતો.

(૫) અઇવિસરૂથ્રેમ ગેહ—એ વખત ખુરશેદ અસ્ત પામવા પછીથી તે ઠેક બામદાદ સુધીનો છે તથા એ શબ્દનાં અર્થ ઉપરથી એવું જણાયછે કે એ વખતે સઘલાઓ સાથે મલી ગાયણના આકારમાં બંદગી કરતા હોય;—એ વખત 'ફરાદત-વીસપાંમ-હુજયાઇતી' યાને સઘલા હસ્તી ભોગવનારાઓને આરામ લેવાનોછે, તથા 'જરથુશ્ત્રોતેમ' યાને વડા ધર્મગુરૂએ પોતે ધર્મ સંબંધી બાબતોનો અભ્યાસ કરવાનાં, તથા પોતાનાં શાગેરદોને શિખવવાનાં કામમાં મશગૂલ થવાનો છે.

એ વખતના મુખ્ય ૫) ભાગો સિવાય બીજા બે ભાગો છે કે જે ચોકસ બંદગીને માટેજ મુકરર કરેલા હોય એવું લાગેછે. કેમકે બીજે ઠેકાણે જયાં પાંચે ગેહો મધેની કોઇ ગેહ પઢવામાં આવેછે તેને બદલે વંદીદાદમાં—'દાતાઇ હધ દાતાઈ વીદએવાઈ જરથુશ્ત્રાઇ' (યાને જરથુશતને લગતો વદીદાદ એટલે દેવથી જુદા કાયદા તે પઢવાનો વખત) અને વીશ્તાસ્પ નુસ્ક પઢતાં 'હધ માંથ્રાઇ જઇનિ પશ્તૌંઇ ઉપઇરિ ગાતુખ્યો ગેરેપતાઇ માંથ્રાઇ સ્પેન્તાઇ' પઢવામાં આવેછે. અને તે પછી 'રતવાંમ્ અયરનાંમ્ચ અસ્નયનાંમ્ચ માહ્યનામચ યાઇર્યનાંમચ સરેધનામ્ચ' પઢવા પછી જે ખશનુમન પઢવાની હોય તે પઢવામાં આવે છે. એ ઉપરથી દેખાયછે કે મજકૂર બે ગેહો અઇવિસ્રૂથ્રેમ ગેહનાં વિભાગો હોએ અને તે મજકૂર ચોકસ બંદગીઓને સારૂજ મુકરર કરેલા હોએ એહવું લાગે છે.

ફ૦ ૯ મો—આ યશ્તમાં તેમજ બીજી સઘલી યશ્તોમાં દરએક કર્દાની પાછલ એ ફકરો ખુદ પઢનારને માટે દાખલ કરવામાં આવ્યો છે.

એજ ફકરામાં 'હઓમ યો ગવ' થી શરૂ થતો ફકરો આવેછે તે, આ યશ્તમાં, બીજી સઘલી યશ્તોથી જુદી રીતે લખાએલો છે, બીજી યશ્તોમાં, જે ફરેશ્તાની યશ્ત હોએ તેનું નામ બીજી વિભકિતમાં આવ્યા પછી તુરતજ 'હઓમ યો ગવ બરસ્મન' ઇત્યાદી આવેછે; જેમ કે અરદીબેહશ્ત યશ્તમાં 'અષેમ્ વહિશ્તેમ્ સ્રએશ્તેમ્ અમેષેમ્ સ્પેન્તેમ્ યજમઈદે—હઓમ યો ગવ'; ખોરદાદ યશ્તમાં: 'હઉર્વતાતેમ્ અમેષેમ્ સ્પેન્તેમ્ યજમઇદે—હઓમ યો ગવ'; ખુરશેદ યશ્તમાં: 'હ્વરે ક્ષએતેમ્ અમેષેમ્ રએમ્ અઉર્વત્-અસ્પેમ્ યજમઇદે-હઓમ યો ગવ'; માહ યશ્તમાં: 'માઓંહેમ્ ગઓ-

ચિથ્રેમ્ અષવનેમ્ અષહે રતૂમ્ યજમઇદે --હુઓમ ચો ગવ'; તીર યશતમાંઃ 'તિશ્ત્રીમ્ સ્તારેમ્ રએવન્તેમ્ ખરેનઙ્હુન્તેમ્ યજમઇદે--હુઓમ ચો ગવ' ઇત્યાદિ --પણ આ અર્દ્દી સૂર યશતમાં 'અર્દ્દીમ સૂરામ્ અનાહિતાંમ્ અષઓનીમ્' એ પ્રમાણે બીજી વિભકિતમાં આવ્યા પછી 'અનખુયાક જવનો સાસ્ત.....અર્દ્દી સૂર અનાહિતે'! એ પ્રમાણે સંબોધન વિભકિતની પછી 'હુઓમ ચો ગવ' આવેલો છે. તેથી એ 'હુઓમ ચો ગવ બરેસ્મન'નો સંબંધ કોણ સાથે લેવો તેનો ગુચવાડો પડે છે.

ફ૦ ૧૩-મો **સાતર કવિ અને કરપન** એ ત્રણ ટોલા હતા જેઓ હમેશાં માજ્દયશ્ની તથા જરથોશતી ધર્મની સાંમે થતા હતા.

ફ૦ ૧૫ મો.-એ ફકરાની શરૂઆતના ચાર શબ્દો જે અર્દ્દી સૂરનાં વિશેશણો છે તે ૧૪ માં ફકરાની સાથે લેવા જોઇએ.

ફ૦ ૧૮ મો—એ ફકરામાં અહીં સુરને એટલો મોટો ચહડતો દરજ્જો આપ્યો છે કે દાદાર અહુરમજદ પોતે વટીક તેનેથી પોતાની મુરાદ ચાહી છે. એ વિચાર પાછલા વખતને છે અને એપરથી એટલોજ સાર કાહડી શકાય છે કે જરથોશ્ત જેહવા નામવર પેગામ્બરને પેદા થવાની ખાહેશ અહુરમજદને પોતાને હતી. (જુવો શેઠ ખુ૦ રૂ૦ કામાજીવાલું જરથોશતનામું સફા ૧૩૬–૧૪૦)—બીજું એ યશતમાં તેમજ બીજે ઠેકાણે અહુરમજદે તથા ૧૦૧ માં ફકરામાં, જરથોશ્તે હોમ, ગવ અને બરસમ વડે બંદગી કીધી છે. અને નોદરના વિશતઓરૂશે કેઇ ચીજથી બંદગી કીધી તે કસુ જણાવ્યું નથી (જુવો ફ૦ ૭૫ મો); વફરેનવાજે હોમ અને ગવને લગતી ક્રિયાની ભેટ આપી છે; અને બાકીના સઘલા પાદશાહોએ તથા પેહલવાનોએ ગાવ, ઘોડા અને નાંહાંનાં ગોસ્પંદો વડે બંદગી કીધી છે અને એ સઘલાઓનાં

નામો સાથે, ઘણીખરી યશ્તોમાં એકજ રીતે 'સતે અસ્પનાંમ્ અર્ષ્નાંમ્, હજઙ્રે ગવાંમ, બએવરે અનુમયનાંમ' એહવો સાધારણ વાક્ય આવે છે. એ ૧૦૦ જવાન ઘોડા, હજાર ગાએ અને દસ હજાર ગોસ્પંદોનો તે બંદગી કરતી વખતે ભોગ આપવામાં આવતો હતો; પણ તે કેહવી રીતે, તથા સઘલા પાદશાહો તથા પહેલવાનો, એકજ સરખી રીતે ૧૦૦ ઘોડા, ૧૦૦૦ ગાવ અને ૧૦૦૦૦ ગોસ્પંદોનો ભોગ આપતા તેનું કારણ શું તે બરોબર સહમજાતું નથી. આગલા હિંદુઓમાંબી ઘોડા તથા પશુઓનો ભોગ આપવાનો ચાલ હતો—મોજેઈક લોકોમાંબી મોટાં ઢોર, ગાવ અને ગોસ્પંદોનો ભોગ આપવાનો ચાલ હતો. હજરત મુસાની કેતાબનાં 'લેવીટીકશ' નામે ત્રિજા પુસ્તકમાં ભોગ આપવાની બાબત આવી છે. તેમાંની કેટલીએક બાબત જરથોશ્તીઓની ભોગ આપવાની આગલી રીતીઓને તથા હાલની આપણી રેવાયતોમાં

જણાવેલી કેટલીએક બાબદો સાથે ઘણી મલતી આવેછે તે ઉપરથી એવું જણાય છે કે એ જેઇક ધર્મમાં તે ચાલ જરથોશ્તીઓ ઉપરથી દાખલ કરવામાં આવી હોએ.

ફ૦ ૩૩—ઉપ વરેનએશુ ચથ્રુગઓખ-એશુ"—એમાં **વરેન** (ગેલાન નામે એક શેહેરનું)—વિશેશ નામ છે માટે તે એક વચનમાં જોઇતો હતો. પણ એ ઠેકાણે **વરેન** તે ગેલાન અને તેને લગતાં આશપાશનાં ગામો એહવી મતલબે વપરાવાથી એ બહુવચનમાં લખેલો છે. એ પ્રમાણે સંસ્કૃતમાંબી જોવામાં આવે છે; જેમ કે 'નિશધેશુ' 'વિદર્ભેશુ.'

ફ૦ ૩૪ મો—**એરેનવાચ, સવઙ્હાચ,** એ બંધે કોઇ ઓરતો હતી અને એઓ પોતાના જમાનાની ખુબસુરતીના નમુના હતાં. એ ઓરતો કોણ હતીઓ તે વિશે અવસ્તામાંથી એહવું માલમ પડેછે કે તેઓ બંધે જહાકની વાહલીઓ હતી. અને જહાકે

તેમને એક અગાઢ જગોમાં છુપી રાખેલી હતી. અત્રે છપાએલાં ઘણુખરાં શાહનાંમાઓમાં એઓને જમશીદની બેહનો કહેલી છે; પણ 'મોહલ' નામનાં ફરેંચ વિદ્વાને, સને ૧૮૩૮ માં, ફરેંચ ભાષામાં તરજુમા સાથે, પારીસમાં છપાવેલાં શાહનામામાં એઓને જમશીદની છોકરીઓ લખીછે. ગમે તેમ હોએ પણ જ્યારે અવસ્તામાં મજકૂર ફકરામાં લખેચ કે ફરેદુને તેઓ સાથે નેકાહ કીધા ત્યારે મજકુર બંધે બાબતો માનવામાં આવતી નથી. કારણ કે જમશીદનું રાજ જવા પછી એ બંધે ઓરતોને જહાકે પોતાના તાબામાં લીધી, તેણે ૧૦૦૦ વર્ષ રાજ કર્યું તે પછી જહાકના રાજપાતની સાથે તે બંધે ઓરતોબી ફરેદુનને સ્વાધીન થઇ; ત્યારે તે ઓરતોની ઉમરબી લગભગ જહાકનાં જેટલી થાઇ તે છતાં જવાન ફરેદુન તેમની સાથે પરણ્યો અને તેમને પેટે ફરજંદો થયાં!

ફ૦ ૨૪ મો.—**અફદાતેમ**=પગ નહી પોહોચી શકે એહવી ઊંડી જગો, ભોયરૂં.

ફ૦ ૪૧.—**હંન્ક** તુરાની અફરાસ્યાબે આગતને વખતે ભરાઈ બેશવાને એક પાહાડનાં ગારમાં કરી મુકેલી એ એક જગો હતી. એને શાહનામાંમાં "હંગે અફરાસ્યાબ" કરી લખેલું છે. એ યશ્તનાં મજકુર ફકરામાં તથા શાહનામામાં લખવા પ્રમાણે અફરાસ્યાબે એ ગારમાં ભરાઇ બેશીને, કેખુસરૂનાં હાથથી છટકી જવાને તથા પોતે બોહેલું રાજ પાછુ મેલવવાને અને ઇરાનીઓને તારાજ કરવાને ખાહેશ કીધી હતી પણ તેમાં તે ફાવ્યો હતો નહિ. અને શાહનામાંમાં તથા ગોશ યશ્તનાં ૧૮ માં ફકરામાં લખવા પ્રમાણે એને હોમ નામના શખસે બાંધીને કએખુસરોને સ્વાધીન કીધો હતો. અને કએખુસરોએ તેને નોજર, અગરેરસ અને શ્યાવક્ષના કીનામાં માર્યો હતો.

ફ૦ ૪૨—એ ફકરામાં જનાવેલું વોરૂ-
કશ દરિયાનું જે ખુરેહ અફરાસ્યાબે મેલ-
વવા ચાહેઉ હતું તથા તેને સારૂ તેણે જે
ફોકતની યત્ન કીધી હતી તે વિશેનું ખુલા-
સાવાર બયાન જમ્યાદ યશતનાં ૫૬ માં
ફકરામાં આવેલુંછે. (જુવો મોહરજી રાણા
તથા વાછાવાલી યશત બા માએની).
એજ ફકરામાં 'યતૂચ અપઓનો જર-
થુશ્ત્રહે' (એટલે અશો જરથોશતનું ખુરેહ)
એહવો વાકય આવેલો છે. અફરાસ્યાબે
જયારે વોરૂકશ દર્યામાંનું ઇરાનીઓનું ખુરેહ
(કીર્તિ) છીનવી લેવા ચાહ્યું તે વખતે અશો
જરથોશ્ત્ર જનમવાનો હતો પણ તેણે જે
નહિ જન્મેલાઓનું ખુરેહબી છીનવી લેવાની
ખાહેશ કરી હતી તે નહી જન્મેલાઓનો
દાખલો આપવા એક ઉતમ અને મખ્યાત
માનસનો અત્રે દાખલો આપેલો છે.
ઇરાનીઓનું ખુરેહ, એટલે જે ગુણોથી
ઇરાનીઓ સરસાઇ તથા મોટાઇ ભોગવવાને

લાયક થયા હતા તે ગુણો તથા તેમની કીર્તિ સહમજવી અને એ ખુરેહની મારફતેજ ચોકસ માનસો રિસ્તાખેજ કરવાને શકિતવાન થશે (જુવો જમીયાદ યશ્ત ફ૦ ૯—૧૨).

ફ૦ ૫૪ મો.—'પંચસ્રઘનાઇ સતઘનાઇશ્ચ, સતઘનાઇ હજડ્‌-ર-ઘનાઇશ્ચ, હજડ્‌રઘનાઈ બએવરે-ઘનાઇશ્ચ બએવરેઘનાઈ અહાંસ્તઘનાશ્ચિ' એ ફકરાની સંખ્યા ચોકસ કહી શકાતી નથી. અહાંસ્ત એ શું સંખ્યા છે તે જણાયું નથી માટે એને જો પરતો મુકીએ તો બાકીનાની સંખ્યા નીચે મુજબ થાએછે. પેહલાં ૫૦ ને ૧૦૦ એ પછી ૧૦૦ ને ૧૦૦૦, અને ૧૦૦૦ ને ૧૦૦૦૦ ગુણી તેનો સરવાળો લેતાં ૧૦૧૦૫૦૦૦ થાએ છે; પણ ૧૦૦૦૦ને "અહાંસ્ત" એ સંખ્યાએ ગુણતાં જે આવે તે મજકુરમાં ઉમેરીએ તો એ આખા ફકરાની સંખ્યા નક્કી થાએ.—અવસ્તામાં મોટામાં મોટી સંખ્યા બતાવનાર બે વાકયો આવેછે, તેમાંનો એક મજકૂર અને બીજો

"નવચ નવઈતિશ્ચ, નવચસત, નવચહજ઼ર, નવસેસ્ચ બએવાંન"—(૯૯૯૯૯) છે.

ફ૦ ૬૧ મેઃ—એ ફકરામાં 'પઓઉર્વો ચો વફ્રો નવાજ઼ે' તે કોણ તથા 'પ્રએતઓનએ તેને કહરકાસ પક્ષીનાં કાલબુદમાં ઊંચે ઉરાડીઓ તેની મતલબ શું તે બરાબર સહમજાતું નથી. તથા બીજી કોઇબી યશ્તમાં એ 'વફ્રો નવાજ઼' વિશેનો પુરતો ખુલાસો મલતો નથી. "આફરીને પએગાંબર જ઼રથોશ્ત"માં જ઼રથોશ્ત કએ ગુશ્તાસ્પને દોઆ કરતાં બોલેચ કે 'રફ્‌હાંમ્ હૂરએપારાંમ્ બવાહિયથ ચો વફ્રો નવાજ઼ે' (=તું વફ્રો નવાજની માફક, નહી પાર કરી શકાએ એહવી, રંઘા નદીને પાર કરનારો થજે); એ વાકય ઉપરથી એટલું જણાએચ કે "વફ્રોનવાજ" નામે કોઈ સખશ અથવા કોઇ રૂપ આપેલી ફાયદાકારક વસ્તુઓ રંઘા નદીને પસાર કરી હતી, અને એ યશ્તનાં મજ઼કૂર ફકરામાં જણાવ્યા પ્રમાણે મજ઼કૂર વફ્રોનવાજે રંઘા

નદી આગલ પોતાની મુરાદમાં પાર પડ-વાથી, અર્દ્દી સૂરને ભેટ આપવાને કબુલાત આપી છે—તે વાત મજકુર આફ્રીનના ફકરાને ટેકો આપે છે; પણ થએતઓનએ તેને પક્ષીનાં આકારમાં ઉરાડી મુકયો એટલે શું ? યશ્તોમાં બુરાઓએ ઇચ્છેલી તેઓની બુરી મુરાદ તેમને બખશવામાં નથી આવી; પણ વફરેનવાજના બાબમાં તેમ નથી બન્યું. તેણે જે પોતાને મકાને પોહોચવાની મુરાદ ચાહી છે તે અર્દ્દી સૂરે તેને બખશી છે; એટલુંજ નહિ પણ એક સુંદર કન્યાનું રૂપ ધારણ કરી તે પોતે તેની મદદે ગઈછે.—તો એપરથી જણાએછે કે વફરેનવાજ કોઇ ભલો માનસ અથવા ફાયદાકારક કોઇ વસ્તુ હોવી જોઇએ. જયારે તે ભલો માનસ અથવા ફાયદાકારક વસ્તુ હતી ત્યારે ફરેદુને તેને ઉરાડી કાંએ મુકીઓ એહવો સવાલ ઉઠેછે. જે ફરે-દુનને જરથોસ્તથી ઉતરતો ગણવામાં આવ્યો છે અને જેની માનસોમાં જેમ જરથોશ્તની

'ખરનુમન' છે તેમજ ખશનુમનબી છે (જુવો વેસ્તરગાર્ડકનું દફતર સફા ૩૩૧ મો) તે, વફરેનવાજ જેહવા ભલા માનસને, અથવા ફાયદાકારક વસ્તુને, વગર કારણે દુઃખ દેવાને અર્થે, પક્ષીની શેકલમાં ઉરાડી મુકે, એ ખ્યાલમાં આવતું નથી. ત્યારે થ્રએતઓનની તેને ઉરાડવામાં કઈ નેક નેમ હોવી જોઇએ. બીજું, આ ઠેકાણે વફરેનવાજે, બીજા યઝદોઓ કરતાં જુદીજ રીતની ભેટ આપવા કહી છે અને તે હોમ અને જીવાંમ સાથની હજાર જોરો છે.

એક ભાષાને બીજી ભાષા સાથે સરખામની કરનારા વિદ્વાનો, સંસ્કૃતમાં "ત્રિતઆપ્ત્ય" તથા "ત્રૈતન" અને ગ્રીકમાં ત્રાઇતન' (*Triton*) એહવા શબ્દો પાણીની ઉપરનાં મુવકેલ (*God of Water*) ને માટે મલવાને લીધે, મજકૂર 'થ્રએતઓન'ને તેમની સાથે સરખાવી 'પાણી ઉપરનો મુવકેલ' ઠેરવે છે. તે ઉપરથી વફરેનવાજને નવા બર્ડનુ

રૂપ આપી શકાએછે. અને એમ લેતાં એહની મતલબ નિકલી શકે છે કે અ[illegible]તઆનએ (પાણીનાં મુવક્કેલે) વફરોનવાજને ઉપર હાંકી કહાડયો એટલે બાફ અથવા વરાલના આકા-રમાં પાણી ઉપર ગયું અને તેનાં વાદલાં થઇ બર્ફ બંધાયો. તે "વફરોનવાજ ત્રણ દહાડા અને રાત સુધી ઊંચે કુદરતે ઠેરવેલાં પોતાનાં મકાન તરફ ગયો" એની મતલબ એહવી લાગેછે કે બર્ફ અથવા વર્ષાદ પડવા આગમજના ત્રણ ચાર દીવસો આગમજ ગરમી ઘણી પડેછે તથા પુષ્કળ વરાલનો જથો ઉપર જઇને ભેગો થાએછે પછી તે પાણી અથવા બર્ફને આકારે નીચે પડેછે. પણ આ 'વફરોનવાજ'ને ઉપરથી નીચે આવવાને સારૂ તેને માફક આવતી હવા નહિ મલવાથી તે નીચે આવી શકયો નહિ અને તેથી તેણે અર્દ્દ્વીસૂરને યાદ કીધી, અને આ જમીન ઉપરનાં કુદરતે મુકરર કરેલાં તેના મકાન તરફ આવવાને ખાહેશ જણાવી

અને અહીં મૂરે તેને આ જમીન ઉપર પાછો આવવાને મદદ કીધી.

'થ્રએતઓન'ને પાણી ઉપરનો મુવકલ સેતાં ઉપસો સાર, એ ફકરા ઉપરથી નિકલી શકેછે; પણ સઘલી યશ્તોમાં બંદગી કરનારા નામાંકીત પુરૂષો છે; એહવી રીતે રૂપ આપેલી નિર્જીવ વસ્તુએ કેઠે બંદગી કીધી હોએ એહવું જોવામાં આવતું નથી; તે છતાં જો ઉપસોજ સાર કબુલ રાખીએ તો આ યશ્તમાં આવેલી તવારીખનો અનુક્રમ તુટેછે. તે એમ કે પાદશાહ તથા પેહલવાનોની બંદગીની વચે એક જુદીજ બાબદ ઘુસેલી લેવી પડેછે. અગર જો થ્રએતઓનને ફરેદુન લઇએ તોબી અનુક્રમ તુટેછે. કેમકે ફરેદુન પછી કેરેશાસ્પ, અફરાસ્યાબ, કાવુસ, કએખુસરો, તુસ અને વેસેના છોકરાઓ પછી એ વફરોનવાજનું બયાન આવેછે. જો એ થ્રએતઓન ફરેદુનજ હોએ તો એ વફરોનવાજનું બયાન કેરેશાસ્પની આગમજ

આવવું જોઇતું હતું. વલી પ્રએતઓન (ફરેદુન) ની સાથે જે વિશેશણો બીજે ઠેકાણે આવેછે તેજ વિશેશણો આ ઠેકાણેબી આવેલાં છે. માટે એ બાબદ ગુચવાડા ભરેલી છે તોબી એ બર્ફને લગતીજ હોવી જોઇએ એહવું માનવાને વધારે સબબ મલેછે

ફ૦ ૬૫ મો—એ ફકરાની સેવટે, તથા ૭૮ માં અને ૯૮ માં ફકરાઓની સેવટે 'દથત્ અઞાઇ.........દાખિશ્ આયેસ્મ' એહવો વાકય આવેછે તે ભુલ ભરેલો હોવાથી દાખલ કર્યો નથી.

ફ૦ ૬૭ મો—જામાસ્પે, એ ફકરામાં જણાવ્યા પ્રમાણે દેવયસ્નો સાથે જે લડાઇ કીધી હતી તે હજરત જરથુશતની આગમજ થવી જોઇએ એહવું અનુમાન થઇ શકેછે. નહિતો એ લડાઇનું બયાન હજરત જરથુશત પછી તથા કએ ગુશતાસ્પની પછી અથવા સાથે આવવું જોઇતું હતું.

ફ૭ ૭૧ મો—એ "પોઉરૂચાસ્તિ" તથા એનો છોકરો "અથવજદઙ્હ" અને "સાયુજદ્દ્રિ" તથા તેના છોકરા "અથવજૂદઙ્હ" તથા "થ્રિત" એઓનાં નામો શાહનામામાં તથા બીજી કોઇ ફારસી તવારીખોમાં જોવામાં આવ્યાં નથી.

જયારે એ લોકોના નામો જામાસ્પની પછી આવ્યાં છે અને એ જામાસ્પ જો ગુશતાસ્પનો વજીર જ હોએ તો એઓનો જમાનો ગુશતાસ્પનાં વખતમાં મુકી શકાએ છે.

બુન્દહેશન તથા દાદસ્તાને દીનીમાં લખવા પ્રમાણે પોરૂચાસ્તીનો છોકરો "અથવન્દ" રિસ્તાખેજને વખતે સોશ્યોસનો મદદગાર થશે.

ફ૦ ૭૫ મો—વિશ્તઉરૂશ નઓતઇર્યાન, એ ધનીના પોતાનાંજ કેહવા પ્રમાણે એણે પુષ્કલ દેવયસ્નોનો નાશ કર્યો હતો. અને વિતઙ્હુઇતી નામે શુકાઇ ગએલી નદીને એણે પાછી તાજી કરી હતી.

ફ૦ ૭૯ મો— 'ગોઇશ્તો ગો ફ્ર્યાન,' (ગોશ્તે ફરિયાન),—અવસ્તા તથા પેહેલવી-માં લખવા પ્રમાણે એ ધની એક અશ્હો ઉખાણો બોલનાર હતો. એના વખતમાં અખ્ત્ય (અખ્ત જાદુગર) નામે એક પાપી ગુઢ પ્રશ્ન પુછવામાં ઘણો પ્રખ્યાત થયો હતો અને તેણે ઘણાઓને, પોતાના ઉખાણાના જવાબ નહિ આપવાને લીધે, મારી નાખ્યા હતા. આવાં યશ્તમાં લખવા પ્રમાણે એના ૯૯ ગુઢ પ્રશ્ન હતા; પણ હાલ આપરી પાશે બાકી રહેલાં પેહલવી પુસ્તકોમાં 'માદીગાને ગોશ્તે·ફરીઆન' કરી એક કેતાબ છે તેમાં માત્ર ૩૩ પ્રશ્નો બાકી રહેલાછે. એ ઉપરથી જણાએ છે કે એ ૯૯ પ્રશ્ન ઉત્તરનું પુસ્તક અસલ અવસ્તાની ભાષામાં હોવું જોઇએ પણ પેહલવી તરજુમો થવા પછી તે ગુમ થયું છે અને પાછલથી પેહલવીમાંથી ૬૬ સવાલ જવાબવી ગુમ થયા હોએ. આપરા લોકોમાં હાલ સુધી એહવો વિચાર છે કે

ગોશતે ફરીઆન અને અખ્ત જાદુ વચેનાં સવાલ જવાબ છેક પાછલ વખતમાં થયાછે; પણ આવાં યશત ઉપરથી સીધ થાએછે કે એ બંધે ધણીઓ ઘણાં જુનાં વખતમાં થઇ ગયા છે. એ ગોશતે ફરીઆનની ફરવશીને ફરવરદીન યશતમાં આરાધવામાં આવેલીછે. એ ધનીને દાદસ્તાને દીની નામની પેહલવી કેતાબમાં અમર કીર્તિવાલો કહેવોછે, તે એ પાપી અને જુલમગાર અખ્ત જાદુનો નાશ કરવાને લીધે હોવું જોઇએ.

ફ૰ ૮૩ મો—હિયાંથી તવારીખની બાબદ પડતી મુકી, અહુરમજ્દ તથા અર્દ્વી સૂર અને અર્દ્વી સૂર તથા જરથોશ્ત વચેની વાતચીત ચાલેછે અને પાછા ૯૮ માં ફકરાથી જરથોશ્ત, ગુશ્તાસ્પ, જરીર અને તુરાની અરજાસ્પની તવારીખને લગતી વાત આવેછે. અને તે પછી ૯૭ માં ફકરાથી અર્દ્વી સૂરના બયાનનો બાકી રહેલો ભાગ શરૂ થાએછે. પણ એ યશતની રચના ઉપરથી એવું

લાગેછે કે ગોશતે ફરીઆન પછી, જર-થોશત, ગુશતાસ્પ, જરીર અને અર્જાસ્પની તવારીખને લગતો ભાગ આવ્યા પછી બાકી રહેલું અર્દી સુરનું બયાન આવવું જોઇતું હતું; પણ એમ નથી તે યશતનો સંગ્રહ કર-નાર તરફનો ગુંચવાડો લાગેછે.

ફ૦ ૮૪ મો 'આથ્રવનો થ્રાયઓનો'—એમાંના 'થ્રાયઓનો' શબ્દનો અર્થ, ખોર-દાદ તથા બેહરામ યશતમાં આથ્રવનાઈ થ્રાય-ઓને'' એહવો વાકય આવેલો છે ત્યાં ડા૦ સ્પીગલે પેહલી યશતમાં *Athrava possessed of nourishment* (રક્ષન ધરાવનાર અથોર-નાન) અને બીજામાં *Serving priest* (ક્રિયા કરનાર મુખ્ય ધર્મગુરૂ) એહવો અર્થ કીધો છે. અને એહવોજ વાકય આવાં યશતનાં મજકુર ફકરામાં આવ્યોછે ત્યાં ડા૦ સ્પીગ-લનો તરજુમો લગાર ગુચવન ભરેલો છે. પરોફેસર યુસ્તીએ 'થ્રાયઓનો' શબ્દનો અર્થ જંદ શબ્દ કોશમાં, 'ત્રણ ગણું'

(*Three fold*) કીધોછે. મારા વિચાર પ્રમાણે એનો અર્થ "માનસોનાં રવાનનું રક્ષણ કરનાર અથોરનાન" એહવો લેવો. કેમકે અથોરનાનનું કામ માનસોને નીતિનાં માર્ગો શિખવી તેમને ગુનાહથી દુર રાખી, તેમના રવાનોનો દોજખથી છુટકો કરવાનું છે. એહવી મતલબનુંજ લખાન "દાદસ્તાને દીની" નામની પેહલવી કેતાબમાં આવેલું છે. તેમાં નોશેરવાન આદેલ પોતાની મજલેસમાં એક વડા ધર્મગુરૂ સાથે વાતચીત કરતાં નીચે પ્રમાણે બોલ્યો હતો!--"દીનનો એલમ ધરાવવાને લીધે તું હમારો પીતા છે; હમો તારા તનના પાસબાન છેયે પણ તું હમારા રવાનનું રક્ષણ કર્તા છે."

ફ૦ ૮૬ મો--એ ફકરામાં અહુરમજ્દે અર્દ્વી સૂરને આકાશ ઉપરથી આ પ્રૂથ્વી ઉપર આવવાને જણાવ્યું છે તે હિંદુઓની કાશી નદીની વાતને મલતું છે. હિંદુઓના લખાન

પ્રમાણે કાશી નદીબી આકાશ ઉપરથી અત્રે ઉતરી આવી છે.

ફ૦ ૮૮ મો—એ ફકરાની મતલબ બરોબર સમજાતી નથી. મેં એનો અર્થ બીજાઓથી તદન જુદાજ કીધો છે. એ ફકરામાં "અન્તરે અરેથેમ્" છે તેને હું 'અન્તરે અરેધેમ્' લેવાને દુરૂસ્ત ધારૂં છું. યજ્‌શનેનાં ૧૧ માં હામાં 'મધેમે ઔષ્વે અઙ્‌હાઉ જેમો' એહવો વાકય આવેલો છે; તેનો પેહેલવી તરજુમો "મીયાને સરેશૂતે ઇ ગોમન દમીક" કીધો છે. હવે એ મજકૂર પેહેલવી વાકય દાદસ્તાને દીની નામની પેહેલવી કેતાબમાંબી આવ્યો છે. એ કેતાબમાં આ સૃષ્ટિને, હિંદુઓની મારફક,—(૧) અવરતુમ સરેશૂત (=સ્વર્ગ), (૨) મીયાની સરેશૂત (=પૃથ્વી અથવા મૃત્યુ લોક) અને (૩) અધરી સરેશૂત (=પાતાલ) એહવા ત્રણ ભાગોમાં વહેચી છે. ત્યાં મજકૂર પેહલવી "મિયાની સરેશૂત"-ની સહમજન આપતાં લખેચ કે જેમાં અદમ

તથા તમામ મખલુકાત વસેચ તે ભાગ. એ ઉપરથી એ યશતનાં એ ફકરામાં આવેલા 'અન્તરે અરેથેમ'નો અર્થ આ દુન્યા કર્યો છે. મારા વિચાર પ્રમાણે એ ફકરાની મતલબ આ છે કે અહી સૂરનું આવતું આકાશ ઉપરથી છે તેથી નુકસાનકારક મુજી જાનવરો તેમાં કોઇબી રીતની ખરાબી કરી શકતાં નથી.

ફ૦ ૮૯ મો—અહી સૂરની આરાધના, એ ફકરા પ્રમાણે, રાતને વખતે યાને અઇ. વિસરૂથરેમ ગેહેમાં નહિ થઇ શકે. ૬૨ માં ફકરા પ્રમાણે ઉશહિન ગેહમાં એની આરાધનાં થઇ શકે છે. કેમકે તે ફકરામાં જણાવવા પ્રમાણે ઊશહિનનાં વખતમાં વફરોનવાજે તેની આરાધના કરી છે.

ડા૦ સ્પીગલ એજ ફકરા ઉપરથી અહી સૂરની બંદગી કોઇબી વખતે થઇ શકે એહવો સાર કાહાડે છે. એજ ફકરામાં 'આ તૂ મે' થી તે 'તનુ માંથો' સુધીના વાકયનો અર્થ બે રીતે થઈ શકે છે. એક મજકૂર ફકરામાં

કરેલો છે તે પ્રમાણે અને બીજો નીચે પ્રમાણે પણ એ અર્થ કરતાં 'ફરદ્-હરોઇત્' (તેણે ખાવું જોઇએ) એહવો એક ક્રીયાપદ ઉપરથી લેવો પડેછે. ત્યારે નીચે પ્રમાણે અર્થ થાએ છે. "તે મારાં જોર (ક્રીયા કીધેલી વસ્તુની ચાશની) તુંએ યાને જરથોશતે ખાવી; તથા દીનનો એલમ ધરાવનાર, દીનના હોકમોને શિખેલા, માથ્રને સમજનાર નેક ગુણો ધ-રાવનાર અને માથ્રમાં જણાવેલા કાંનુનો પ્રમાણે પોતાને ચલાવનાર એહવા અથોર-નાનેજ ખાવી." એ ફકરામાં અથોરનાન કેહવો હોવો જોઇએ તેનું લક્ષણ આપેલું છે.

ફ૦ ૯૩ મો—એ ફકરામાં "નિવયક," 'નિપસ્નક,' 'અપસ્કરક,' અને અપખ્રઓસક' એ કોઇ બદ રૂહોનાં નામો હોય એવું લાગેછે, અને અહીં સૂરની, તેના ઠેરવેલા વખતથી જુદે વખતે (યાને રાતને વખતે) કીધેલી આરાધનાને તેઓ સ્વીકારેછે. એજ ફકરામાં 'યા નોઇત્ હઈતિ વીસન્તિ દએ-

વનાંમ્ હુઇતિ યસ્ન' એ વાકયમાં 'હુઇતિ' એહવા બે શબ્દોછે તે "પઇતિ" લેવો જોઇએ; અને છેલ્લો 'યસ્ન' શબ્દ સાતમી એકવચનમાં 'યસ્ને' લેવો જોઇએ. ડા૦ સ્પીગલે એ શબ્દને 'હુઇતિ'જ રાખીને તેનો અર્થ "જાહેર રીતે" એહવો કરયોછે. અને એ ફકરાનો અર્થબી જુદી રીતે કરે છે અને 'નોટ'માં જણાવેછે કે એ ફકરો ગુચવાડા ભરેલો છે.

ફ૦ ૯૯ મો—એ ફકરામાં "**ખઇનિ**" શબ્દને બદલે **ખએઉઇ** શબ્દ હુતો તે મેં વંદીદાદની ૧૪ મી પરગરદનાં ૧૪ માં ફકરા ઉપરથી (જ્યાં એજ વાકય આવેલો છે. અત્રે ઊપર પ્રમાણે સુધાર્યોછે.

ફ૦ ૧૦૬ ઠો—એ ફકરામાં 'તાંથ્રવન્ત' અને 'પેશન' એ બે શબ્દોને વિશેશ નામો લીધાંછે તેને બદલે જો અજાંસ્પના વિશેશણો લઇએ તો નીચે મૂજેબ અર્થ થઇ શકે "સિહા દલના (કુકર્મી), બદદીન, વેર;

દેવપરસ્ત અને બુરા દરવંદ અરજાસ્પને ....મારનાર થાવું." પરોફેસર સ્પીગલે ઊપર પ્રમાણેજ કીધો છે.

ફ૦ ૧૧૦ મો—એ ફકરામાંબી, ૧૦૬ ઠા ફકરા પ્રમાણે અરજાસ્પની સાથે આવેલા શબ્દો 'પેશોચઙ્હ (લડાઇ સોધનાર) અને 'હુમયાક' (ઘણા મક્કર તથા ફરેબવાલો) ને અરજાસ્પના વિશેશણોજ લઇએ તો સારૂં કેમકે એ નામના કોઇ પુરૂશો, અરજાસ્પની સાથે મલી ગુસ્તાસ્પની સાંબેની લડાઇમાં; ઉતરેલા હોએ એવું કોઇ તવારીખમાંથી મલતું નથી.

ફ૦ ૧૧૩ મો—'વન્દરેમઇનિશ' પરોફેસર યુસ્તીનાં વિચાર પ્રમાણે એ **વન્દરેમન**, અફ્રાસ્યાબના ખાન્દાનનો અને અરજાસ્પનો બાપ હતો. શો૦ ખુ૦ ર૦ ફામાબ

એને અરજાસ્પનો વિશેશણ ગણી "જંગલી મનવાલો," (યાને નાદાન, અપટ) એહવો અર્થ પોતાના જરથોશ્ત નામામાં કરેછે.

ફ૦ ૧૧૭ મો—એ ફકરામાં લાક્ષણિક-પ્રકારે, જુદા જુદા આકારમાં અર્દ્વીસૂરનુ પાણી ઉત્પન્ન કરનારી ચાર શકિતઓનું વર્ણન કરેલુંછે. એમાં 'અર્વાન' શબ્દનો અર્થ તરજુમામાં "જવાન ઘોડા" કર્યો છે તે ભુલ થઇછે. એનો અસલ અર્થ "જવાન" છે; પણ હિયાં "ઉત્પન્ન કરનારી શકિત" એહવો લેવો. એ ફકરા ઉપરથી બીજું એ જણાયછે કે જે ઠેકાણે અર્દ્વીસૂર નદી આવેલી છે ત્યાં વર્ષાદ ચાર રૂપમાં પડવો જોઇએ. ૧, વાર (પાણી), ૨, સ્નએજ (બર્ફ), ૩, સરસ્ક (કરાં) અને ૪, ફ્યઘ્રુ. એ છેલા શબ્દનો અર્થ બરોબર સમજાતો

નથી. ડા૦ સ્પીગલે તથા પરોફેસર યુશ્તીએ એનો અર્થ 'કરાં' (ઉપરથી કાંકરાના આકારમાં બંધાઇને પડતું પાણી) કર્યોછે; પણ તેને વાસ્તે મજકુર ફકરામાં 'સરસચિન્તએચ' શબ્દ આવેલોછે, માટે એનો અર્થ કંઇ જુદો થવો જોઇએ. જો એ 'ફ્યડ્હુ' શબ્દને સંસ્કૃત "શ્યાય," "શ્યૈ" એ ધાતુ ઉપરથી લઇએ તો કદાચએનો અર્થ "મોટાં કરાં"નો થઇ શકે.

ક૦ ૧૨૬ મો—'બવ્ર' એ એક બીલાડીનાં જેવું પણ પુંછડી વગરનું જાનવર છે. એનું ચામડું ઘણું સુન્દર છે અને હાલ પણ તે ઊંચા અને કીમતી કપડાં બનાવવામાં કામમાં આવેછે. એ જાનવરને અંગ્રેજીમાં બીવર (*Beaver*) અને ફારસીમાં 'બબ્ર' કહે છે.

ફ૦ ૧૨૧ મો—એ ફકરાથી અર્દ્ધા સૂર યશતનુ સેવટ આવતું હોએ એહવું જણાએ છે. કેમકે હિયાંથી ઉપરની બાબદ સાથે કસો સંબંધ લાગતો નથી. એ ફકરાથી સેવટ સુધી ચેકસ મુરાદ ચાહવામાં આવી છે. પણ એ મુરાદ કોણ ચાહેછે તે જણાતું નથી. કદાચ એમ વિચારીએ કે એ મુરાદ જરથોશ્તે ચાહેલી છે તો જરથોશ્તે દીન ફેલાવવાની મુરાદ ચાહવી જોઇએ—બાદશાહી તથા લડાઇને લગતી મુરાદ ચાહવાની જરથોશ્તને અગત નથી માટે એહવું લાગેછે કે એ યશતનું સેવટ આવવા પછી હીયાંથી તે સેવટ સુધી (૧૨૭ માં ફ૦ થી તે ૧૨૯ સુધી) ની બાબદ પઢનારને પોતાને માટેની હોય અને જો તેમજ હોય તો એ ત્રણ ફકરાઓ ઉપરથી એહવું અનુમાન થઇ શકેચ કે એ

વખતનાં સઘલા લોકો હાલના સુધરેલા દેશોનાં લોકોની મારૂક, અગતને વખતે પોતાની ખુશીથી અથવા પોતાના પાદશાહનાં હોકમથી લડવાને બાહેર પડતા હોય, અને તેથીજ પોતાને માટે બાદશાહી લાયક ચીજો તથા સુખ; બહાદુર છોકરો અને મજબુત ઘોડાની મુરાદ ચાહવામાં આવી છે.

બીજી એહવીબી તરક થાઈ શકેછે કે એ મુરાદ એ યશ્તના લખનારે પોતે, એ યશ્તની સેવટે, પોતાને માટે ચાહી હોય, અને એ યશ્તનો લખનાર તેણુ જે મુરાદ ચાહીચ તેને લાયકની મોટાઇ ધરાવનારો હોએ.